**કાયદા અને ન્યાય મંત્રાલય**

**(વિધાનસભા વિભાગ)**

**નવી દિલ્હી, ૨૬ ડિસેમ્બર,૨૦૦૫/ પોષ–૫–૧૯૨૭ (શક)**

સંસદના નીચેના અધિનિયમને ૨૩ ડિસેમ્બર,૨૦૦૫ ના રોજ મહામહિજન રાષ્ટ્રપતિની સંમતિ મળી હતી અને અહીં તે સામાન્ય માહિતી માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ,૨૦૦૫**

**૨૦૦૫ નો નં.૫૩**

**(૨૩,ડિસેમ્બર, ૨૦૦૫)**

આ અધિનિયમ, આપત્તિ તથા તેની સાથે સંકળાયેલ બાબતો અથવા તેને આનુષંગિક બાબતોની અસરકારક વ્યવસ્થાપનની જોગવાઈ કરે છે.

પ્રજાસત્તાક ભારતના ૫૬ માં વર્ષે સંસદે દ્વારા તે ઘડવામાં આવ્યો.

**પ્રકરણ –૧**
**પ્રારંભિક :–**

(૧) આ અધિનિયમ, આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ,૨૦૦૫ કહેવાશે.

(૨) તે સમગ્ર ભારતમાં લાગુ પડે છે.

(૩) આ અધિનિયમ, કેન્દ્ર સરકાર, જાહેરનામાં દ્વારા સરકારી રાજપત્રમાં નકકી કરે તે તારીખથી, અને આ અધિનિયમની વિવિધ જોગવાઈઓ માટે વિવિધ રાજયો માટે નકકી કરાય તે જુદી જુદી તારીખોએ અમલમાં આવશે અને કોઈપણ રાજયના સંબંધમાં આ અધિનિયમની કોઈપણ જોગવાઈના પ્રારંભનો કોઈપણ સંદર્ભનું અર્થઘટન, તે રાજયમાં તે જોગવાઈના પ્રારંભના સંદર્ભ તરીકે કરાશે.

**વ્યાખ્યાઓ :–**

૨. આ અધિનિયમમાં સંદર્ભથી અન્યથા જરૂરી હોય તે સિવાય :

(ક) "અસરગ્રસ્ત વિસ્તાર" એટલે આપત્તિથી અસરગ્રસ્ત દેશનો તે વિસ્તાર કે ભાગ :–

(ખ) " ક્ષમતા નિર્માણ " માં સમાવિષ્ટ છે :–

(૧) હાલના સંસાધનો અને સંપાદિત કે ઊભા કરવાનાં સંસાધની ઓળખ,

(૨) પેટા કલમ (૧) અન્વયે ઓળખ કરાયેલ સંસાધનો સંપાદિત કરવા કે ઊભાં કરવાં,

(૩) કર્મચારીઓનું સંઘટન અને તાલીમ તથા આપત્તિની અસરકારક વ્યવસ્થા માટે આવી, તાલીમનું સંકલન.

(ગ) 'કેન્દ્ર સરકાર' એટલે આપત્તિ વ્યવસ્થા પર વહીવટી નિયંત્રણ ધરાવનાર મંત્રાલય અથવા સરકારનો વિભાગ,

(ઘ) આપત્તિ એટલે કુદરતી કે માનવસર્જિત કારણોથી અથવા અકસ્માત કે બેદરકારીને કારણે કોઈપણ વિસ્તારમાં ઊભી થયેલી આફત, દુર્ઘટના,ઉત્પાત કે ગંભીર દુર્ઘટના જેને પરિણામે મોટા પ્રમાણમાં જીવહાનિ થાય કે લોકોને સહન કરવું પડે અથવા મિલકતને નુકસાન પહોંચે કે તેનો નાશ થાય, અથવા પર્યાવરણને નુકસાન થાય કે તેની કક્ષા નીચી જાય અને તેનું સ્વરૂપ કે માત્રા એવા હોય કે અસરગ્રસ્ત વિસ્તારના સમુદાયની તેને પહોંચી વળવાની ક્ષમતા ન હોય :–

(ચ) "આપત્તિ વ્યવસ્થાપન " એટલે નીચેની બાબતો માટે જરૂરી અને આવશ્યક હોય તેવાં આયોજન, સંઘટન, સંકલન અને અમલીકરણની સતત અને સમન્વિત પ્રક્રિયા,

(૧) કોઈપણ આપત્તિના સંકટ કે ભયનું નિવારણ.,

(૨) કોઈપણ આપત્તિ કે તેની તીવ્રતા કે પરિણામોનો જોખમમાં ઘટાડો કે તે હળવાં કરવાં .,

(૩) ક્ષમતા નિર્માણ.,

(૪) કોઈપણ આપત્તિ સાથે કામ પાડવાની તૈયારી .,

(૫) કોઈપણ જોખમી આપત્તિજનક સ્થિતિ કે આપત્તિ સામે તત્કાલ પગલાં.,

(૬) કોઈપણ આપત્તિની અસરોની તીવ્રતા કે માત્રાની આકારણી કરવી.,

(૭) સ્થળ ખાલી કરવું, બચાવ અને રાહત.,

(૮) પુનર્વસવાટ અને પુનર્બાંધકામ.,

(છ) " જિલ્લાતંત્ર " એટલે કલમ–૨૫ ની પેટા કલમ–(I) અન્વયે રચના કરાયેલ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર.

(જ) જિલ્લા યોજના એટલે કલમ ૩૧ અન્વયે જિલ્લા માટે તૈયાર કરાયેલ આપત્તિ વ્યવસ્થાપન માટેની યોજના.

(ઝ) " સ્થાનિક તંત્ર માં નિદિર્ષ્ટ સ્થાનિક વિસ્તારની અંદર, નાગરિક સેવાઓના નિયંત્રણ અને વ્યવસ્થા સાથે, અથવા આવશ્યક સેવાઓ બજાવવા, કાયદા દ્વારા તત્સમય પૂરતું નિયુકત પંચાયતીરાજ સંસ્થાઓ, નગરપાલિકાઓ, જિલ્લા બોર્ડ, કન્ટોનમેન્ટ બોર્ડ,નગર આયોજન તંત્ર કે જિલ્લા પરિષદ અથવા કોઈપણ નામથી ઓળખાતી બીજી કોઈ સંસ્થા કે તંત્ર.,

(ટ) ' ઘટાડો ' એટલે આપત્તિ અથવા જોખમી આપત્તિયુકત સ્થિતિના જોખમ, અસર કે અસરો ઘટાડવાના ઉદ્દેશ સાથેનાં પગલાં.,

(ઠ) રાષ્ટ્રીય તંત્ર એટલે કલમ ૩ ની પેટા કલમ (I) અન્વયે સ્થાપિત રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર.,

(ડ) " રાષ્ટ્રીય કારોબારી સમિતિ" એટલે કલમ ૩ ની પેટા કલમ (I) અન્વયે રચાયેલ રાષ્ટ્રીય તંત્રની કારોબારી સમિતિ.,

(ઢ) " રાષ્ટ્રીય યોજના" એટલે કલમ–(II) અન્વયે તૈયાર કરાયેલ, સમગ્ર દેશ માટેની આપત્તિ વ્યવસ્થાપન માટેની યોજના.,

(ણ) " તૈયારી " એટલે જોખમી આપત્તિ સ્થિતિ અથવા આપત્તિ અને તેની અસરો બાબત કામ હાથ ધરવાની તૈયારીની સ્થિતિ.,

(ત) ' ઠરાવેલ ' એટલે આ અધિનિયમ અન્વયે કરેલા નિયમોથી ઠરાવેલ.,

(થ) પુનર્બાંધકામ એટલે આપત્તિ પછી કોઈપણ મિલકતનું બાંધકામ કે પુનર્સ્થાપન,

(દ) " સંસાધનો " એટલે માનવશકિત, સેવા,સામગ્રી અને જોગવાઈઓ,

(ધ) ' રાજય તંત્ર ' એટલે કલમ ૧૪ ની પેટા કલમ (I) અન્વયે સ્થાપિત રાજય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર અને તે કલમ હેઠળ રચના કરાયેલ સંઘ પ્રદેશ માટે આપત્તિ વ્યવસ્થાપન તંત્ર

(ન) ' રાજય કારોબારી સમિતિ' એટલે કલમ–૨૦ ની પેટા કલમ અન્વયે રચના કરાયેલ રાજયની કારોબારી સમિતિ,

(૫) ' રાજય સરકાર' એટલે આપત્તિ વ્યવસ્થાપન માટે વહીવટી નિયંત્રણ ધરાવતો રાજય સરકારનો વિભાગ અને તેમાં સંવિધાનના આર્ટીકલ–૨૩૯ અન્વયે રાષ્ટ્રપતિ દ્વારા નિયુકત સંઘ પ્રદેશના વહીવટકર્તાનો સમાવેશ થાય છે.,

(ફ) ' રાજય યોજના' એટલે કલમ–૨૩ અન્વયે તૈયાર કરાયેલ, સમગ્ર રાજય માટેની આપત્તિ વ્યવસ્થાપન યોજના .

## પ્રકરણ : ૨

## રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર

૩. (૧) કેન્દ્ર સરકાર, સરકારી રાજપત્રમાં જાહેરનામા દ્વારા આ અંગે નિયત કરે તે તારીખથી, આ અધિનિયમના હેતુઓ માટે રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર તરીકે ઓળખાતા તંત્રની સ્થાપના કરશે.

(૨) કેન્દ્ર સરકાર ઠરાવે તે પ્રમાણે અધ્યક્ષ અને વધુમાં વધુ નવ અન્ય સભ્યોનો રાષ્ટ્રીય તંત્રમાં સમાવેશ થશે અને, નિયમોથી અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય રાષ્ટ્રીય તંત્રમાં નીચેનાનો સમાવેશ થશે :–

(ક) ભારતના પ્રધાનમંત્રી, જે હોદ્દાની રૂએ, રાષ્ટ્રીય તંત્રના અધ્યક્ષ રહેશે.,

(ખ) રાષ્ટ્રીય તંત્રના અધ્યક્ષ દ્વારા વધુમાં વધુ નવ સભ્યોની નિયુક્તિ કરાશે.

(૩) રાષ્ટ્રીય તંત્રના અધ્યક્ષ, પેટા–કલમ (૨) ના ખંડ (ખ) અન્વયે નિયુકત સભ્યો પૈકી એકને રાષ્ટ્રીય તંત્રના ઉપાધ્યક્ષ તરીકે પદનામિત કરશે.

૪. રાષ્ટ્રીય તંત્રની કચેરીની મુદત અને સભ્યોની સેવાની શરતો, ઠરાવવામાં આવે તે મુજબ રહેશે.

(૧) રાષ્ટ્રીય તંત્ર જેમ અને જયારે જરૂરી હોય ત્યારે અને રાષ્ટ્રીય તંત્રના અધ્યક્ષને યોગ્ય લાગે તે સમયે અને સ્થળે મળશે.,

(૨) રાષ્ટ્રીય તંત્રના અધ્યક્ષ, રાષ્ટ્રીય તંત્રની કોઈ બેઠકમાં હાજર રહી શકે તેમ ન હોય તો રાષ્ટ્રીય તંત્રના ઉપાધ્યક્ષ બેઠકનું અધ્યક્ષપણું સંભાળશે.,

(૫) કેન્દ્ર સરકાર, રાષ્ટ્રીય તંત્રના કાર્યો હાથ ધરવા, જરૂરી લાગે તે પ્રમાણે અધિકારીઓ સલાહકારો અને કર્મચારીઓની જોગવાઈ કરશે.

(૬) (૧) આ અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને, આપત્તિના સમયસર અને અસરકારક પગલાં લેવાય તે સુનિશ્ચિત કરવા આપત્તિ વ્યવસ્થા માટે નીતિઓ, યોજનાઓ અને માર્ગદર્શક સૂચનાઓ તૈયાર કરવાની જવાબદારી રાષ્ટ્રીય તંત્રની રહેશે.

(૨) પેટા કલમ(૧) માં સમાવિષ્ટ જોગવાઈઓની વ્યાપકતાને બાધક બન્યા સિવાય રાષ્ટ્રીય તંત્ર નીચે મુજબની કામગીરી કરશે.

(ક) આપત્તિ વ્યવસ્થા અંગે નીતિઓ ઠરાવવી

(ખ) રાષ્ટ્રીય યોજના મંજૂર કરવી,

(ગ) ભારત સરકારના મંત્રાલયો કે વિભાગોએ, રાષ્ટ્રીય યોજના અનુસાર તૈયાર કરેલી યોજનાઓ મંજૂર કરવી.,

(ઘ) રાજ્ય યોજના તૈયાર કરવા રાજ્ય સરકારે અનુસરવાની માર્ગદર્શક સૂચનાઓ તૈયાર કરવી.

(ચ) ભારત સરકારની વિકાસ યોજનાઓ અને પરિયોજનાઓમાં આપત્તિ નિવારણ અને આપત્તિની અસરો ઘટાડવાનાં પગલાંનું એકીકરણ કરવાના હેતુસર ભારત સરકારના જુદાં જુદાં મંત્રાલયો કે વિભાગોએ અનુસરવા માર્ગદર્શક સૂચનાઓ ઠરાવવી.,

(છ) આપત્તિ વ્યવસ્થાપન માટેની નીતિ અને યોજનાની અમલ બજવણી અને અમલીકરણનું સંકલન કરવું.

(જ) આપત્તિ ઘટાડાના હેતુસર ફંડની જોગવાઈ માટે ભલામણ કરવી.,

(ઝ) ભારત સરકારે નકકી કર્યા પ્રમાણે મોટી આપત્તિઓથી અસર પામેલ બીજા દેશોને આવી સહાય પૂરી પાડવી.,

(ટ) જરૂરી જણાય તે પ્રમાણે જોખમકારક આપત્તિ સ્થિતિ કે આપત્તિ માટે કામ હાથ ધરવા, આપત્તિ નિવારણ, ઘટાડો કે તૈયારી અને ક્ષમતા નિર્માણ માટે એવાં બીજાં પગલાં લેવાં,

(ઠ) રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થાની કામગીરી માટે વિસ્તૃત નીતિઓ અને માર્ગદર્શક સૂચનાઓ તૈયાર કરવી.

(૩) રાષ્ટ્રીય તંત્રના અધ્યક્ષને, સંકટકાલિન સ્થિતિમાં, રાષ્ટ્રીય તંત્રની તમામ કે કોઈપણ સત્તા વાપરવાની સત્તા રહેશે, પરંતુ આવી સત્તાનો અમલ, રાષ્ટ્રીય તંત્રની કાર્યોત્તર મંજૂરીને અધીન રહેશે.

(૭) (૧) રાષ્ટ્રીય તંત્રે, આપત્તિ વ્યવસ્થાપનના જુદાં જુદાં પાસાં પર રાષ્ટ્રીય, રાજ્ય કે જિલ્લા સ્તરે ભલામણો કરવા, આપત્તિ વ્યવસ્થામાં વ્યવહાર અનુભવ ધરાવતાં તથા આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્રે નિષ્ણાતોનો સમાવેશ કરતી સલાહકાર સમિતિની રચના કરી શકશે.

(૨) સલાહકાર સમિતિના સભ્યોને, કેન્દ્ર સરકાર, રાષ્ટ્રીય તંત્ર સાથે ચર્ચા– વિચારણા કરીને ઠરાવે તેવા ભથ્થાં ચૂકવવામાં આવશે.

(૮) (૧) કેન્દ્ર સરકાર, કલમ–૩ ની પેટા કલમ(૧) અન્વયે જાહેરનામું બહાર પાડયા પછી તરત, આ અધિનિયમ હેઠળનાં તેના કાર્યો બજાવવા માટે રાષ્ટ્રીય તંત્રને મદદ કરવા રાષ્ટ્રીય કારોબારી સમિતિની રચના કરશે.

(૨) રાષ્ટ્રીય કારોબારી સમિતિમાં નીચેના સભ્યોનો સમાવેશ થશે, જેમ કે,

(ક) આપત્તિ વ્યવસ્થાપનનું વહીવટી નિયંત્રણ ધરાવતાં, કેન્દ્ર સરકારના મંત્રાલય કે વિભાગનો હવાલો ધરાવતાં ભારત સરકારના સચિવ, જે હોદ્દાની રૂએ અધ્યક્ષ બનશે.,

(ખ) ભારત સરકારના મંત્રાલયો કે વિભાગોમાં સચિવો, જેઓને ખેતી, અણુશકિત,સંરક્ષણ, પીવાના પાણીનો પુરવઠો, પર્યાવરણ અને વન, નાણાં (ખર્ચ), આરોગ્ય, વીજળી, ગ્રામીણ વિકાસ, વિજ્ઞાન અને ટેકનોલોજી, અવકાશ, દૂરસંચાર, શહેરી વિકાસ, જળ સંસાધનો અંગે વહીવટી નિયંત્રણ ધરાવતાં હોય તથા સમન્વિત સંરક્ષણ સ્ટાફના મુખ્ય અધિકારી જે હોદ્દાની રૂએ સ્ટાફ સમિતિના મુખ્ય અધિકારી હોય,

(૩) રાષ્ટ્રીય કારોબારી સમિતિના અધ્યક્ષ, રાષ્ટ્રીય કારોબારી સમિતિની કોઈપણ બેઠકમાં ભાગ લેવા કેન્દ્ર સરકાર કે રાજય સરકારના બીજા કોઈપણ અધિકારીને આમંત્રણ આપી શકશે અને કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય તંત્ર સાથે ચર્ચા–વિચારણા કરીને ઠરાવેલ હોય તેવાં કાર્યો કરશે અને તેથી સત્તાનો અમલ કરશે.,

(૪) રાષ્ટ્રીય કારોબારી સમિતિએ તેની સત્તાઓ અમલમાં મુકવા અને તેનાં કાર્યોનો નિકાલ કરવા અનુસરવાની કાય”પદ્ધતિ, કેન્દ્ર સરકાર દ્વારા ઠરાવવામાં આવે તે મુજબ રહેશે.,

(૯) (૧) રાષ્ટ્રીય કારોબારી સમિતિને, જેમ અને જયારે જરૂરી જણાય ત્યારે, તેનાં કાર્યો કાર્યક્ષમ રીતે હાથ ધરવા એક કે વધુ પેટા સમિતિઓની રચના કરી શકશે.

(૨) રાષ્ટ્રીય કારોબારી સમિતિ પેટા કલમ (૧) માં દર્શાવેલ પેટા સમિતિના અધ્યક્ષની નિમણૂંક તેના સભ્યોમાંથી કરશે.

(૩) કોઈપણ પેટા સમિતિ સાથે નિષ્ણાત તરીકે સંકળાયેલ કોઈપણ વ્યકિત, કેન્દ્ર સરકાર દ્વારા ઠરાવ્યા પ્રમાણે ભથ્થાની ચુકવણી કરશે.

(૧૦)(૧) રાષ્ટ્રીય કારોબારી સમિતિ, રાષ્ટ્રીય તંત્રને તેનાં કાર્યોની બજવણીમાં મદદ કરશે અને રાષ્ટ્રીય તંત્રની નીતિઓ અને યોજનાઓના અમલીકરણ માટે જવાબદારી ધરાવશે અને દેશમાં આપત્તિ વ્યવસ્થાપન હેતુ માટે કેન્દ્ર સરકારે બહાર પાડેલ આદેશોનું પાલન કરવાનું સુનિશ્ચિત કરશે.

(૨) પેટા કલમ (૧) માં સમાવિષ્ટ જોગવાઈઓની સામાન્યતાને બાધક બન્યા સિવાય રાષ્ટ્રીય કારોબારી સમિતિ–

(ક) આપત્તિ વ્યવસ્થાપન માટે સંકલન અને દેખરેખ સંસ્થા તરીકે કામ કરશે.,

(ખ) રાષ્ટ્રીય તંત્ર દ્વારા મંજૂર કરાવવાની રાષ્ટ્રીય યોજના તૈયાર કરશે.,

(ગ) રાષ્ટ્રીય નીતિના અમલીકરણનું સંકલન અને દેખરેખ નિયંત્રણ કરશે.,

(ઘ) ભારત સરકાર અને રાજય તંત્રોનાં મંત્રાલયો અને વિભાગો દ્વારા આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ તૈયાર કરવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ ઠરાવશે.,

(ચ) રાષ્ટ્રીય તંત્ર દ્વારા ઠરાવાયેલ માર્ગદર્શક સૂચનાઓ અનુસાર તેમની આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ તૈયાર કરવામાં રાજય સરકારો અને રાજય તંત્રોને મદદ કરશે.,

(છ) ભારત સરકારનાં મંત્રાલયો કે વિભાગો દ્વારા તૈયાર કરાયેલ રાષ્ટ્રીય યોજના અને યોજનાઓના અમલીકરણ પર દેખરેખ રાખશે.

(જ) મંત્રાલયો કે વિભાગો તેમની વિકાસ યોજનાઓ અને પરિયોજનાઓમાં આપત્તિના નિવારણ અને ઘટાડા માટેના પગલાનું સંકલન કરવા રાષ્ટ્રીય તંત્ર દ્વારા ઠરાવાયેલ માર્ગદર્શક સૂચનાઓના અમલીકરણ પર દેખરેખ રાખશે.

(ઝ) સરકારનાં જુદા જુદા મંત્રાલયો અને વિભાગો દ્વારા હાથ ધરવાના આપત્તિ ઘટાડા અને તૈયારીનાં પગલાં અંગે દેખરેખ, સંકલન અને આદેશો આપશે.,

(ટ) કોઈપણ જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિ સામેના પગલાં લેવા માટે તમામ સરકારી સ્તરોએ તૈયારીનું મૂલ્યાંકન કરશે અને આવી તૈયારીનાં વિસ્તરણ માટે જરૂરી જણાય ત્યાં આદેશો આપશે.

(ઠ) જુદા જુદાં સ્તરના અધિકારીઓ, કર્મચારીઓ અને સ્વૈચ્છિક બચાવ કાર્યકરો માટે આપત્તિ વ્યવસ્થા અંગે ખાસ તાલીમ કાર્યક્રમનું આયોજન અને સંકલન કરશે.

(ડ) કોઈપણ જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિની ઘટના વેળાએ સહાય પગલાંનું સંકલન કરશે.

(ઢ) ભારત સરકાર, રાજય સરકારો અને રાજય તંત્રોનાં સંબંધિત મંત્રાલયો કે વિભાગોને, જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિ સામે તેમના દ્વારા લેવાપાત્ર સહાય પગલાં માટે માર્ગદર્શક સૂચનાઓ તૈયાર કરીને માર્ગદર્શન આપશે.

(ણ) સરકારના કોઈપણ વિભાગ કે સંસ્થાએ, રાષ્ટ્રીય તંત્ર કે રાજય તંત્રોને, સંકટકાલિન સહાય, બચાવ અને રાહતના હેતુ માટે માણસો કે સામગ્રી સંસાધનો ઉપલબ્ધ કરાવવાના રહેશે.,

(ત) ભારત સરકારનાં મંત્રાલયો કે વિભાગો, રાજય તંત્રો, વૈધાનિક સંસ્થાઓ, રાજય સરકારો કે બિનસરકારી સંસ્થાઓ અને આપત્તિ વ્યવસ્થાપનમાં રોકાયેલ અન્ય સંસ્થાઓને સલાહ અને સહાય આપશે તથા તેમની પ્રવૃતિઓનું સંકલન કરશે.,

(થ) રાજય તંત્રો અને જિલ્લા તંત્રોને આ અધિનિયમ અન્વયે તેમનાં કાર્યો હાથ ધરવા જરૂરી ટેકનિકલ સહાય કે સલાહ પૂરી પાડશે.,

(દ) આપત્તિ વ્યવસ્થાપનના સંબંધમાં સામાન્ય શિક્ષણ અને જાગૃતિને પ્રોત્સાહન આપશે.,

(ધ) રાષ્ટ્રીય તંત્ર બજાવવાનું જરૂરી ગણે તેવાં બીજા કાર્યો કરશે.,

(૧૧) (૧) સમગ્ર દેશ માટે આપત્તિ વ્યવસ્થાપન અંગેની એક યોજના તૈયાર કરાશે જેને રાષ્ટ્રીય યોજના કહેવામાં આવશે.,

(૨) આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે રાજય સરકારો અને નિષ્ણાત સંસ્થાઓ કે સંગઠનો સાથે ચર્ચા–વિચારણા કરીને રાષ્ટ્રીય નીતિ અંગેની રાષ્ટ્રીય યોજના રાષ્ટ્રીય કારોબારી સમિતિ તૈયાર કરશે, જેને રાષ્ટ્રીય તંત્ર દ્વારા મંજૂર કરાવવાની રહેશે.

(૩) રાષ્ટ્રીય યોજનામાં નીચેની બાબતોનો સમાવેશ થશે.,

(ક) રાષ્ટ્રીય નિવારણ કે તેની અસરો ઘટાડવા માટે લેવાનાં પગલાં.,

(ખ) વિકાસ યોજનાઓમાં અસરો ઘટાડવામાં પગલાનું સંકલન કરવા લેવાનાર પગલાં.,

(ગ) કોઈપણ જોખમી આપત્તિ પરિસ્થિતિ અને આપત્તિમાં અસરકારક સહાય પગલાં અંગેની તૈયારી તથા ક્ષમતા નિર્માણ અંગે હાથ ધરવાનાં પગલાં.,

(ઘ) ખંડો (ક) (ખ) અને (ગ) માં નિર્દિષ્ટ પગલાં બાબતમાં ભારત સરકારનાં જુદાં જુદાં મંત્રાલયો કે વિભાગોની ભૂમિકા અને જવાબદારીઓ.,

(૪) રાષ્ટ્રીય યોજનાની દર વર્ષે સમીક્ષા કરી તે અદ્યતન કરાશે.

(૫) રાષ્ટ્રીય યોજના હેઠળ હાથ ધરવાનાં પગલા અંગે નાણાંની વ્યવસ્થા કરવા કેન્દ્ર સરકાર યોગ્ય જોગવાઈઓ કરશે.

(૬)	પેટા કલમો (૨) અને (૪) માં નિર્દેશ કરેલ રાષ્ટ્રીય યોજનાની નકલો, ભારત સરકારનાં મંત્રાલયો કે વિભાગોને ઉપલબ્ધ કરાશે અને આવાં મંત્રાલયો, રાષ્ટ્રીય યોજના અનુસાર તેમની યોજનાઓ તૈયાર કરશે.

(૧૨)	રાષ્ટ્રીય તંત્ર, આપત્તિથી અસર પામેલ વ્યકિતઓને પુરી પાડવાની રાહતનાં ન્યૂનતમ ધોરણો અંગેની માર્ગદર્શક સૂચનાઓની ભલામણ કરશે, જેમાં નીચેનાનો સમાવેશ થશે.

(૧)	આશ્રય, ભોજન,પીવાનું પાણી, તબીબી સહાય અને સ્વચ્છતા સંબંધમાં રાહત છાવણીઓમાં પૂરી પાડવાની ન્યૂનતમ જરૂરિયાતો

(૨)	વિધવા અને અનાથો માટે કરવાની ખાસ જોગવાઈઓ

(૩)	જાનહાનિ માટે મહેરની રૂએ સહાય તથા નુકસાન અને હાનિને કારણે સહાય તથા જીવનનિર્વાહના સાધનોનું પુનર્સ્થાપન,

(૪)	જરૂરી હોય તેવાં બીજાં રાહત પગલાં,

(૧૩)	તીવ્ર માત્રામાં આપત્તિના કેસોમાં, રાષ્ટ્રીય તંત્ર, આપત્તિથી અસર પામેલ વ્યકિતઓને યોગ્ય જણાય તેવી છૂટછાટની શરતોએ લોન ભરપાઈમાં રાહત તથા નવી લોન આપવાની ભલામણ કરી શકે.

## પ્રકરણ – ૩

## રાજય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર

૧૪ (૧) દરેક રાજય સરકારે સરકારી રાજયમાં જાહેરનામાં દ્વારા કલમ–૩ ની પેટા કલમ (૧) અન્વયે જાહેરનામું બહાર પાડયા પછી તરત, રાજય સરકારના જાહેરનામામાં નિર્દિષ્ટ કર્યા મુજબના નામથી રાજય આપત્તિ વ્યવસ્થા તંત્રની સ્થાપના કરવી.

(૨) રાજય તંત્રમાં અધ્યક્ષ અને રાજય સરકાર ઠરાવ્યા પ્રમાણે વધુમાં વધુ અન્ય નવ સભ્યોનો સમાવેશ કરવો અને નિયમોથી અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય, રાજય તંત્રમાં નીચેના સભ્યોનો સમાવેશ કરાશેઃ

(ક) રાજયના મુખ્યમંત્રીશ્રી, જેઓ હોદ્દાની રૂએ અધ્યક્ષ બનશે.

(ખ) રાજય તંત્રના અધ્યક્ષે વધુમાં વધુ આઠ સભ્યોની નિયુકિત કરવાની રહેશે.

(ગ) રાજય કારોબારી સમિતિના અધ્યક્ષ હોદ્દાની રૂએ

(૩) રાજય તંત્રના અધ્યક્ષ, પેટા કલમ (૨) ના ખંડ (ખ) અન્વયે નિયુકત સભ્યો પૈકી એકનો રાજય તંત્રના ઉપાધ્યક્ષ તરીકે પદનામિત કરશે.

(૪) રાજય કારોબારી સમિતિના અધ્યક્ષ, હોદ્દાની રૂએ રાજય તંત્રના મુખ્ય કારોબારી અધિકારી બનશે.

પરંતુ, દિલ્હી સંઘપ્રદેશ સિવાય, વિધાનસભા ધરાવતાં સંઘપ્રદેશના કેસમાં, આ કલમ હેઠળ સ્થાપિતતંત્રના અધ્યક્ષ તરીકે મુખ્યમંત્રી રહેશે અને સંઘપ્રદેશોના કેસમાં, લેફટનન્ટ ગર્વનર અથવા વહીવટકર્તા, તે તંત્રના અધ્યક્ષ બનશે.

પરંતુ, દિલ્હી સંઘપ્રદેશના લેફટનન્ટ ગર્વનર અધ્યક્ષ બનશે અને તેના મુખ્યમંત્રી રાજય તંત્રના ઉપાધ્યક્ષ બનશે.

(૫) રાજય તંત્રના સભ્યોના હોદ્દાની મુદત અને સેવાની શરતો ઠરાવ્યા પ્રમાણે રહેશે.

(૧૫) (૧) રાજય તંત્ર જરૂર પડે તેમ અને ત્યારે તથા રાજય તંત્રના અધ્યક્ષને યોગ્ય લાગે તે સમયે અને સ્થળે મળશે.

(૨) રાજય તંત્રના અધ્યક્ષ રાજય તંત્રની બેઠકોનું અધ્યક્ષસ્થાન સંભાળશે.

(૩) કોઈ કારણસર રાજયતંત્રના અઘ્યક્ષ રાજયતંત્રની બેઠકમાં હાજર ન રહી શકે તો રાજય તંત્રના ઉપાઘ્યક્ષ બેઠકનું અઘ્યક્ષ સ્થાન સંભાળશે.

(૧૬) રાજય સરકાર, રાજય તંત્ર તેના કાર્યો હાથ ધરી શકે તે માટે તેને જરૂરી જણાય તે મુજબ તેવાં અધિકારીઓ,સલાહકારો અને કર્મચારીઓની જોગવાઈ કરશે.

(૧૭) (૧) રાજય તંત્ર, જેમ અને જયારે જરૂરી જણાય ત્યારે, આપત્તિ વ્યવસ્થાનાં જુદાં જુદાં પાસાં પર ભલામણ કરવા, આપત્તિ વ્યવસ્થાપનો વ્યવહારુ અનુભવ ધરાવતાં તથા આપત્તિ વ્યવસ્થાપના ક્ષેત્રે નિષ્ણાતો હોય તેમનો સમાવેશ કરીને સલાહકાર સમિતિની રચના કરી શકશે.

(૨) સલાહકાર સમિતિના સભ્યોને, રાજય સરકાર ઠરાવે તે મુજબ તેટલાં ભથ્થાં ચુકવાશે.

(૧૮) (૧) આ અધિનિયમની જોગવાઈઓને અધીન, રાજયમાં આપત્તિ વ્યવસ્થાપનની નીતિઓ અને યોજનાઓ ઘડવાની જવાબદારી રાજયતંત્રની રહેશે.

(૨) પેટા કલમ (૧) માં સમાવિષ્ટ જોગવાઈઓની સામાન્યતાને બાધક બન્યા વિના રાજય તંત્ર નીચે મુજબ કરી શકશે.

(ક) રાજય આપત્તિ વ્યવસ્થાપન નીતિ ઠરાવવી,

(ખ) રાષ્ટ્રીય તંત્રે ઠરાવેલ માર્ગદર્શક સૂચનાઓ અનુસાર રાજય યોજના મંજૂર કરવી.

(ગ) રાજય સરકારના વિભાગો દ્વારા તૈયાર કરાયેલ આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ મંજૂર કરવી.

(ઘ) આપત્તિ નિવારણ અને તેની વિકાસ યોજનાઓ અને પરિયોજનાઓમાં આપત્તિ ઘટાડવા પગલાંનું એકીકરણ કરવાના હેતુસર રાજય સરકારના વિભાગોએ અનુસરવાની માર્ગદર્શક સૂચનાઓ ઠરાવવી.

(ચ) રાજય યોજનાના અમલીકરણનું સંકલન કરવું

(છ) આપત્તિ ઘટાડા અને તૈયારીનાં પગલાં માટે ફંડની જોગવાઈ અંગે ભલામણ કરવી.

(જ) રાજયના વિવિધ વિભાગોની વિકાસ યોજના અંગેની સમીક્ષા કરવી અને આપત્તિ નિવારણ તથા ઘટાડાના પગલાનું તેમાં એકીકરણ કર્યું હોવાનું સુનિશ્ચિત કરવું.

(ઝ) રાજય સરકારના વિભાગો દ્વારા આપત્તિ સ્થિતિમાં ઘટાડો, ક્ષમતા નિર્માણ અને તૈયારી માટે હાથ ધરાતાં પગલાની સમીક્ષા કરવી અને જરૂરી હોય તે પ્રમાણે માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવી.

(૩) રાજય તંત્રના અધ્યક્ષને, સંકટકાલિન સ્થિતિના કેસોમાં, રાજય તંત્રની તમામ કે કોઈપણ સત્તા વાપરવાનો હકક રહેશે., પરંતુ આવી સત્તાનો અમલ, રાજય તંત્રની કાર્યોત્તર મંજૂરીને અધીન રહેશે.

(૧૯) રાજયમાં આપત્તિથી અસરગ્રસ્ત લોકોને ધોરણસરની રાહત પૂરી પાડવા માટે, રાજય તંત્રે, વિગતવાર માર્ગદર્શક સૂચનાઓ ઠરાવવી, પરંતુ, કોઈપણ કેસમાં આવાં ધોરણો, આ અંગે રાષ્ટ્રીય તંત્રે, ઠરાવેલ માર્ગદર્શક સૂચનાઓમાં ન્યૂનતમ ધોરણો કરતાં ઓછા ન હોવા જોઈએ.

(૨૦) (૧) રાજય સરકાર, કલમ–૧૪ ની પેટા કલમ (૧) અન્વયે જાહેરનામું બહાર પાડયા પછી તરત, રાજય તંત્રને તેના કાર્યો બજાવવામાં અને રાજય તંત્ર દ્વારા ઠરાવાયેલ માર્ગદર્શક સૂચનાઓ અનુસાર કાર્યનું સંકલન કરવામાં અને આ અધિનિયમ હેઠળ રાજય સરકારે બહાર પાડેલ આદેશોનું અમલીકરણ સુરક્ષિત કરવાના કાર્યમાં રાજય તંત્રને સહાય કરવા રાજય કારોબારી સમિતિની રચના કરશે.

(૨) રાજય કારોબારી સમિતિમાં નીચેના સભ્યોનો સમાવેશ થશે, જેમ કે,

(ક) રાજય સરકારના મુખ્ય સચિવ જે હોદાની રૂએ અધ્યક્ષ બનશે,

(ખ) રાજય સરકારને યોગ્ય લાગે તે પ્રમાણે, રાજય સરકારના તેવા વિભાગોના સચિવો–હોદ્દાની રૂએ

(૩) રાજય કારોબારી સમિતિના અધ્યક્ષ, રાજય સરકાર દ્વારા ઠરાવેલ સત્તાઓ અમલમાં મૂકશે તથા કાર્યો બજાવશે તથા રાજય તંત્ર દ્વારા તેને સુપરત કરાયેલ બીજી આવી સત્તા અને કાર્યો અમલમાં મુકશે.

(૪) રાજય કારોબારી સમિતિ તેને મળેલ સત્તાનો અમલ કરવા, તેનાં કાર્યો હાથ ધરવા અનુસરવાની કાર્યપદ્ધતિ, રાજય સરકાર ઠરાવવામાં આવે તે મુજબ રહેશે.

(૨૧) (૧) રાજય કારોબારી સમિતિ, તેના કાર્યો કાર્યક્ષમ રીતે બજાવી શકે તે સારુ જરૂરી લાગે તેમ અને ત્યારે એક કે વધુ પેટા સમિતિઓની રચના કરી શકશે.

(૨) રાજય કારોબારી સમિતિ, તેના સભ્યો પૈકી એકની પેટા કલમ (૧) માં જણાવેલ પેટા સમિતિના અધ્યક્ષની નિમણૂંક કરશે.

(૩) કોઈપણ પેટા સમિતિ સાથે નિષ્ણાત તરીકે સંકળાયેલ કોઈપણ વ્યકિતને, રાજય સરકાર ઠરાવે તે પ્રમાણે ભથ્થા ચૂકવાશે.

(૨૨) (૧) રાજય કારોબારી સમિતિને રાષ્ટ્રીય યોજના અને રાજય યોજના અમલમાં મુકવાની જવાબદારી રહેશે અને રાજયમાં આપત્તિ વ્યવસ્થા માટે સંકલન અને નિયંત્રણ સંસ્થા તરીકે કામ કરશે.

(૨) પેટા કલમ (૧) ની જોગવાઈઓની સામાન્યતાને બાધક બન્યા વિના, રાજય કારોબારી સમિતિ–

(ક) રાષ્ટ્રીય નીતિ,રાષ્ટ્રીય યોજના અને રાજય યોજનાના અમલીકરણનું સંકલન કરી તેના પર દેખરેખ રાખશે.,

(ખ) આપત્તિના જુદા જુદા સ્વરૂપોના પ્રમાણમાં રાજયના જુદા જુદા ભાગોની સહાયપાત્રતાનું પરીક્ષણ કરશે અને તેના નિવારણ કે ઘટાડા માટે લેવા જરૂરી પગલાં નિર્દિષ્ટ કરશે.,

(ગ) રાજય સરકારના વિભાગો અને જિલ્લા તંત્રો દ્વારા આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ તૈયાર કરવા માર્ગદર્શક સૂચનાઓ ઠરાવશે.,

(ઘ) રાજય સરકારના વિભાગો અને જિલ્લા તંત્રો દ્વારા તૈયાર કરાયેલ આપત્તિ વ્યવસ્થા યોજનાઓના અમલીકરણ પર દેખરેખ રાખશે.,

(ચ) વિભાગો તેમની વિકાસ યોજનાઓ અને પરિયોજનાઓમાં આપત્તિ નિવારણ અને ઘટાડા માટેના પગલાનું સંકલન કરવા, રાજય તંત્ર દ્વારા ઠરાવેલી માર્ગદર્શક સૂચનાઓના અમલીકરણ પર દેખરેખ રાખશે.,

(છ) કોઈપણ જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિ સામે સહાય આપવા તમામ સરકારી કે બિનસરકારી સ્તરે થયેલી તૈયારીનું મૂલ્યાંકન કરશે અને આવી તૈયારી વિસ્તારવા, જરૂરી હોય ત્યાં આદેશો આપશે.,

(જ) જોખમી આપત્તિ પરિસ્થિતિ આપત્તિની ઘટના બને ત્યારે સહાય પગલાનું સંકલન કરશે.,

(ઝ) કોઈપણ જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિ માટે સહાય કરવા લેવાનાં પગલાં સંબંધમાં રાજય સરકારના કોઈપણ વિભાગ અથવા રાજયમાં બીજા કોઈપણ તંત્ર કે સંસ્થાને આદેશો આપશે.,

(ટ) જેની સામે રાજયના જુદા જુદા ભાગો સહાયપાત્ર બને છે તે આપત્તિના સ્વરૂપો સંબંધમાં સામાન્ય શિક્ષણ, જાગરુકતા અને સામુદાયિક તાલીમને તથા આપત્તિ નિવારણ, ઘટાડા અને સહાય આપવા આવા સમુદાય દ્વારા લેવાતાં પગલાંને પ્રોત્સાહન આપશે.,

(ઠ) આપત્તિ વ્યવસ્થાપનમાં કામ કરતાં રાજય સરકારના વિભાગો, જિલ્લા તંત્રો, વૈધાનિક સંસ્થાઓ અને અન્ય સરકારી અને બિનસરકારી સંસ્થાઓની પ્રવૃતિઓ અંગે સલાહ અને સહાય આપશે તથા તેનુ સંકલન કરશે.,

(ડ) જિલ્લા તંત્રો અને સ્થાનિક તંત્રોને તેમનાં કાર્યો કાર્યક્ષમ રીતે હાથ ધરવા, જરૂરી ટેકનિકલ સહાય પૂરી પાડશે અથવા તેઓને સલાહ આપશે.,

(ઢ) આપત્તિ વ્યવસ્થાપન સંબંધમાં તમામ નાણાકીય બાબતો અંગે રાજય સરકારને સલાહ આપશે.,

(ણ) રાજયમાં કોઈપણ સ્થાનિક વિસ્તારમાં બાંધકામનું પરીક્ષણ કરશે, અને તેમના મતે એમ જણાય કે, આપત્તિ નિવારણ માટે આવા બાંધકામ માટે ઠરાવેલ ધોરણોનું અનુસરણ કરાઈ રહયું નથી કે કરવામાં આવ્યું નથી, તો તે જિલ્લા તંત્ર કે સ્થાનિક તંત્ર, યથાપ્રસંગ, જે હોય તેને આવા ધોરણોનું પાલન કરાવવા જરૂરી હોય તેવાં પગલાં લઈ શકશે.,

(ત) આપત્તિ વ્યવસ્થાપનના વિવિધ પાસાને લગતી માહિતી રાષ્ટ્રીય તંત્રને પૂરી પાડશે.,

(થ) રાજય કક્ષાની સહાય યોજનાઓ અને માર્ગદર્શક સૂચનાઓ નકકી કરશે, તેની સમીક્ષા કરશે અને તેને અદ્યતન બનાવશે.,

(દ) સંદેશા–વ્યવહાર સિસ્ટમ વ્યવસ્થિત હોય અને આપત્તિ વ્યવસ્થા કવાયત સામયિક રીતે હાથ ધરવામાં આવે તે સુનિશ્ચિત કરશે.,

(ધ) રાજય તંત્ર દ્વારા સોંપવામાં આવે કે જરૂરી જણાય તેવાં બીજાં કાર્યો બજાવશે.,

(૨૩) (૧) દરેક રાજય માટે આપત્તિ વ્યવસ્થાપનની યોજના હશે, જેને રાજય આપત્તિ વ્યવસ્થાપન યોજના કહેવામાં આવશે.

(૨) રાષ્ટ્રીય તંત્ર દ્વારા ઠરાવેલ માર્ગદર્શક સૂચનાઓને ધ્યાનમાં રાખીને અને સ્થાનિક તંત્રો, જિલ્લા તંત્ર તથા લોકોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા–વિચારણા કર્યા પછી રાજય કારોબારી સમિતિને યોગ્ય લાગે તે પ્રમાણે તે રાજય યોજના તૈયાર કરશે.

(૩) પેટા કલમ (૨) અન્વયે રાજ્ય કારોબારી સમિતિએ તૈયાર કરેલ રાજ્ય યોજનાને રાજ્ય તંત્ર દ્વારા મંજૂર કરાશે.

(૪) રાજ્ય યોજનામાં નીચેની બાબતોમાં સમાવેશ થશે,

(ક) આપત્તિના જુદા જુદા સ્વરૂપો બાબતમાં રાજ્યના વિવિધ ભાગોની સહાયપાત્રતા.,

(ખ) આપત્તિ નિવારણ અને ઘટાડા માટે અપનાવનાં પગલાં.,

(ગ) આપત્તિ ઘટાડાના પગલાંને વિકાસ યોજનાઓ અને પરિયોજનાઓ સાથે જે રીતે સમન્વિત કરવામાં આવે તે રીત.,

(ઘ) હાથ ધરવાના ક્ષમતા–નિર્માણ અને તૈયારીના પગલાં.,

(ચ) રાજ્ય સરકારના દરેક વિભાગની ઉપરના ખંડો (ખ),(ગ) અને (ઘ) માં નિર્દિષ્ટ પગલાં સંબંધમાં ભૂમિકા અને જવાબદારીઓ

(છ) કોઈપણ જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિ સંબંધમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોની ભૂમિકા અને જવાબદારીઓ

(૫) રાજ્ય યોજનાની વાર્ષિક સમીક્ષા કરીને અદ્યતન બનાવવામાં આવશે.

(૬) રાજ્ય યોજના હેઠળ હાથ ધરવાના પગલાં માટે નાણાં–વ્યવસ્થા કરવા રાજ્ય સરકાર યોગ્ય નાણાં જોગવાઈ કરશે.

(૭) પેટા કલમો (૨) અને (૫) માં ઉલ્લેખ કરેલ રાજ્ય યોજનાની નકલો રાજ્ય સરકારના વિભાગોને ઉપલબ્ધ કરાશે અને આવા વિભાગો, રાજ્ય યોજના અનુસાર તેમની પોતાની યોજનાઓ ઘડી કાઢશે.

(૨૪) આપત્તિથી અસર પામેલ લોકોને મદદ કરવા અને રક્ષણ આપવા અથવા આવા લોકોને રાહત પૂરી પાડવા અથવા જોખમી પરિસ્થિતિની અસરોનુ નિવારણ કરવા, અથવા ઊભી થયેલ અવ્યવસ્થાનો સામનો કરવા કે તે અંગે કામગીરી હાથ ધરવા, રાજ્ય કારોબારી સમિતિ નીચેની કામગીરી કરશે.

(ક) સહાયપાત્ર કે અસરગ્રસ્ત વિસ્તાર તરફનો કે ત્યાંથી કે તેની અંદરનો વાહન–વ્યવહાર નિયંત્રિત અને પ્રતિબંધિત કરવો.,

(ખ) સહાયપાત્ર કે અસરગ્રસ્ત વિસ્તારમાં કોઈ વ્યકિતનો પ્રવેશ, તેની અંદર તેની ગતિવિધિ અને ત્યાંથી બહાર નીકળવા બાબત નિયંત્રણ અને પ્રતિબંધ.,

(ગ) કાટમાળ દૂર કરવો, શોધ–તપાસ હાથ ધરવી અને બચાવ કામગીરી કરવી.,

(ઘ) રાષ્ટ્રીય તંત્ર અને રાજય તંત્ર દ્વારા ઠરાવેલ ધોરણો અનુસાર આશ્રય, આહાર,પીવાનું પાણી, આવશ્યક જરૂરિયાતો, આરોગ્ય સંભાળ તથા સેવાઓ પૂરી પાડવી.,

(ચ) રાજય સરકારના સંબંધિત વિભાગ, કોઈપણ જિલ્લા તંત્ર કે અન્ય તંત્રને, રાજયની સ્થાનિક હદમાં તેમના મતે જરૂરી જણાય તે પ્રમાણે બચાવ અને સ્થળ ખાલી કરાવવાનાં પગલાં લેવાં અથવા જાન–માલને બચાવવા તાત્કાલિક રાહત પૂરી પાડવા આદેશ આપવા.,

(છ) કોઈપણ સંબંધિત સંસાધનોનો હવાલો સંભાળતા રાજય સરકારના કોઈપણ વિભાગ કે અન્ય કોઈ સંસ્થા કે તંત્ર કે વ્યકિતએ, સંકટકાલિન સહાય, બચાવ અને રાહતના હેતુસર સંસાધનો ઉપલબ્ધ કરાવવાં.,

(જ) બચાવ અને રાહત માટે સલાહ અને સહાય આપવા આપત્તિના ક્ષેત્રમાં નિષ્ણાતો અને સલાહકારોની આવશ્યકતા પૂરી પડવી.,

(ઝ) જરૂર પડે તેમ અને ત્યારે કોઈપણ તંત્ર કે વ્યકિત પાસેથી સુવિધાઓ સંપૂર્ણપણે અને અગ્રિમ ધોરણે મેળવવી.,

(ટ) હંગામી પુલોનું અથવા અન્ય જરૂરી માળખાનું બાંધકામ અને લોકો માટે જોખમી બને તેવાં બિનસલામત માળખા તોડી પાડવાં.,

(ઠ) બિનસરકારી સંસ્થાઓ સામાન્યપણે અને ભેદભાવ વિના તેમની પ્રવૃતિઓ હાથ ધરે તે સુનિશ્ચિત કરવું.,

(ડ) કોઈપણ જોખમી આપત્તિ પરિસ્થિતિ કે  આપત્તિ સામે કામ પાર પાડવા લોકોમાં માહિતીનો ફેલાવો કરવો.,

(ઢ) કેન્દ્ર સરકાર કે રાજય સરકાર આ બાબતમાં આદેશ આપે તે પ્રમાણે પગલાં લેવાં અથવા કોઈપણ પ્રકારની જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિ માટે જરૂરી કે સમુચિત આવાં બીજાં પગલાં લેવાં

## પ્રકરણ – ૪

## જિલ્લા આપત્તિ વ્યવસ્થા તંત્ર

(૨૫) (૧) દરેક રાજ્ય સરકારે સરકારી રાજપત્રમાં જાહેરનામા દ્વારા કલમ–૧૪ ની પેટા કલમ (૧) અન્વયે જાહેરનામું બહાર પાડયા પછી તરત, રાજયના દરેક જિલ્લા માટે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્રની સ્થાપના કરવી, જે જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલા નામે ઓળખાશે.

(૨) જિલ્લા તંત્રમાં અધ્યક્ષ તથા રાજ્ય સરકાર દ્વારા ઠરાવ્યા મુજબ વધુમાં વધુ સાત અન્ય સભ્યોનો સમાવેશ થશે અને નિયમોથી અન્યથા જોગવાઈ કરવામાં આવે તે સિવાય તેમાં નીચેનાનો સમાવેશ થશે.

(ક) યથાપ્રસંગ જિલ્લાના કલેકટર અથવા જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા નાયબ કમિશનર હોદ્દાની રૂએ અધ્યક્ષ બનશે,

(ખ) સ્થાનિક તંત્રના ચૂંટાયેલા પ્રતિનિધિ હોદાની રૂએ ઉપાધ્યક્ષ બનશે.,
પરંતુ, આદિજાતિ વિસ્તારમાં, સંવિધાનની છઠ્ઠી અનુસૂચિમાં ઉલ્લેખ કર્યા મુજબ, સ્વાયત જિલ્લાની જિલ્લા પરિષદના મુખ્ય વહીવટી સભ્ય, હોદાની રૂએ ઉપાધ્યક્ષ બનશે.,

(ગ) જિલ્લા તંત્રના મુખ્ય વહીવટી અધિકારી હોદાની રૂએ.,

(ઘ) પોલીસ અધીક્ષક, હોદ્દાની રૂએ.,

(ચ) જિલ્લાના મુખ્ય તબીબી અધિકારી, હોદ્દાની રૂએ.,

(છ) રાજ્ય સરકારે નિયુકત કરવાના વધુમાં વધુ બે અન્ય જિલ્લા કક્ષાના અધિકારીઓ,

(૩) જે જિલ્લામાં જિલ્લા પરીષદ હોય ત્યાં તેના અધ્યક્ષ જિલ્લા તંત્રના ઉપાધ્યક્ષ બનશે.

(૪) રાજ્ય સરકારે, યથાપ્રસંગે, જિલ્લા કલેકટર અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક નાયબ કમિશનર કક્ષાના અધિકારીની જિલ્લા તંત્રના મુખ્ય વહીવટી અધિકારી તરીકે નિયુકિત કરવી, જેમણે રાજય સરકાર દ્વારા ઠરાવેલ સત્તાઓનો અમલ કરવો અને તેવાં કાર્યો બજાવવાં તથા જિલ્લા તંત્ર દ્વારા તેને સુપરત કરાયેલી તેવી બીજી સત્તાઓ અને કાર્યોનું અમલીકરણ કરવું.

(૨૬) (૧) જિલ્લા તંત્રના અધ્યક્ષે, જિલ્લા તંત્રની બેઠકોનું અધ્યક્ષ સ્થાન સંભાળવા ઉપરાંત, જિલ્લા તંત્રે તેને આપેલ જિલ્લા તંત્રની સત્તાઓ વાપરવી અને કાર્યો હાથ ધરવાં,

(૨) જિલ્લા તંત્રના અધ્યક્ષને સંકટકાલિન સ્થિતિમાં જિલ્લા તંત્રની તમામ કે કોઈપણ સત્તા વાપરવાનો અધિકાર રહેશે, પરંતુ આવી સત્તાનો ઉપયોગ, જિલ્લા તંત્રની કાર્યોત્તર મંજૂરીને અધીન રહેશે.

(૨૭) જિલ્લા તંત્ર, અધ્યક્ષને જરૂરી લાગે તેમ અને ત્યારે અને તેવા સમયે અને સ્થળે મળશે.

(૨૮) (૧) જિલ્લા તંત્ર, તેના કાર્યો કાર્યક્ષમ રીતે બજાવી શકે તે સારુ તેને જરૂરી જણાય તેમ અને ત્યારે એક કે વધુ સલાહકાર સમિતિઓ અને બીજી સમિતિઓની રચના કરી શકશે.

(૨)	જિલ્લા તંત્ર તેના સભ્યોમાંથી પેટા કલમ (૧) માં ઉલ્લેખ કરેલ સમિતિના અધ્યક્ષની નિમણૂંક કરશે.

(૩)	પેટા કલમ (૧) અન્વયે રચાયેલી કોઈપણ સમિતિ કે પેટા સમિતિ સાથે નિષ્ણાત તરીકે સંકળાયેલ કોઈપણ વ્યકિતને રાજય સરકાર દ્વારા ઠરાવેલ ભથ્થા ચૂકવાશે.

(૨૯)	રાજય સરકાર, જિલ્લા તંત્રના કાર્યો હાથ ધરવા તેને જરૂરી જણાય તે પ્રમાણે જિલ્લા તંત્ર માટે તેવા અધિકારીશ્રીઓ,સલાહકારો અને બીજા કર્મચારીઓની જોગવાઈ કરશે.

(૩૦) (૧) જિલ્લા તંત્ર, આપત્તિ વ્યવસ્થાપન માટે જિલ્લા આયોજન, સંકલન અને અમલકર્તા સંસ્થા તરીકે કામ કરશે અને રાષ્ટ્રીય તંત્ર અને રાજય તંત્ર દ્વારા ઠરાવેલી માર્ગદર્શક સૂચનાઓ અનુસાર જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપનના હેતુસર તમામ પગલાં લેશે.

(૨)	પેટા કલમ (૧) ની જોગવાઈઓની સામાન્યતાને બાધક બન્યા સિવાય જિલ્લા તંત્ર નીચે મુજબ કરી શકશે.

(૧)	જિલ્લા માટે જિલ્લા સહાય યોજના સહિત આપત્તિ વ્યવસ્થાપન યોજના તૈયાર કરવી.,

(૨)	રાષ્ટ્રીય નીતિ, રાજય નીતિ, રાષ્ટ્રીય યોજના અને જિલ્લા અમલીકરણનું સંકલન અને તેના પર દેખરેખ રાખવી,

(૩)	જિલ્લા સ્તરે રાજય સરકારના વિભાગો દ્વારા તેમજ સ્થાનિક તંત્રો દ્વારા આપત્તિ નિવારણ અને તેની અસરોના ઘટાડા માટે પગલાં લેવામાં આવે તથા આપત્તિ સામે સહાયપાત્ર હોય તેવા વિસ્તારો મુકરર કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું.

(૪)	રાષ્ટ્રીય તંત્ર અને રાજય તંત્ર દ્વારા ઠરાવેલ, આપત્તિ નિવારણ, તેની અસરો ઘટાડવા, તૈયારી તથા સહાય પગલાં અંગેની માર્ગદર્શક સૂચનાઓનુ જિલ્લા સ્તરે સરકારના તમામ વિભાગો તથા જિલ્લામાં સ્થાનિક તંત્રો દ્વારા અનુસરણ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું.

(૫)	જિલ્લા કક્ષાએ જુદા જુદા સત્તાધિકારીઓને અને સ્થાનિક તંત્રોને આદેશો આપવા કે આપત્તિ નિવારણ કે ઘટાડા માટે જરૂરી જણાય તેવા બીજાં પગલાં લેવાં.,

(૬)	જિલ્લા કક્ષાએ સરકારના વિભાગો અને જિલ્લામાં સ્થાનિક તંત્રો દ્વારા આપત્તિ નિવારણ માટેની વ્યવસ્થા યોજનાઓ માટે માર્ગદર્શક સૂચનાઓ ઠરાવવી,

(૭)	જિલ્લા કક્ષાએ સરકારના વિભાગો દ્વારા તૈયાર કરેલી આપત્તિ વ્યવસ્થા યોજનાઓના અમલીકરણ પર દેખરેખ રાખવી.

(૮)	સરકારની વિકાસ યોજનાઓ અને પરિયોજનાઓમાં આપત્તિ નિવારણ અને ઘટાડા માટેના પગલાનું સંકલન કરવાના હેતુસર, જિલ્લા કક્ષાએ સરકારના વિભાગોએ અનુસરવાની માર્ગદર્શક સૂચનાઓ ઠરાવવી અને તે માટે જરૂરી ટેકનિકલ સહાય પૂરી પાડવી.

(૯)	ખંડ (૮) માં ઉલ્લેખ કરેલ પગલાના અમલીકરણ પર દેખરેખ રાખવી.,

(૧૦) જિલ્લામાં કોઈપણ આપત્તિનો અથવા જોખમી આપત્તિ સ્થિતિમાં સામનો કરવા માટેની રાજયની ક્ષમતાની સમીક્ષા કરવી અને જરૂરી હોય તે પ્રમાણે તેની કક્ષા ઊંચી લઈ જવા જિલ્લા કક્ષાએ સંબંધિત સરકારી વિભાગો કે તંત્રોને આદેશો આપવા.,

(૧૧) કોઈપણ આપત્તિ કે જોખમી આપત્તિ પરિસ્થિતિનો અસરકારક રીતે સામનો કરવાના જરૂરી સ્તર સુધી તૈયારી માટેના પગલાં લઈ આવવા માટે જરૂરી જણાય ત્યાં, જિલ્લા કક્ષાએ સંબંધિત વિભાગો અથવા અન્ય સંબંધિત તંત્રોની તૈયારી માટેનાં પગલાંની સમીક્ષા કરવી અને તેઓને આદેશો આપવા.,

(૧૨) જિલ્લામાં જુદી જુદી કક્ષાના અધિકારીઓ,કર્મચારીઓ અને સ્વૈચ્છિક બચાવ કાર્યકારો માટેના ખાસ તાલીમ કાર્યક્રમનું સંઘટન અને સંકલન કરવું.,

(૧૩) સ્થાનિક તંત્રો, સરકારી અને બિનસરકારી સંસ્થાઓના સહયોગથી આપત્તિ નિવારણ અને ઘટાડા માટે સામુદાયિક તાલીમ અને જાગરુકતા કાર્યક્રમ સુગમ બનાવવા,

(૧૪) લોકોને વેળાસર ચેતવણી આપવા અને યોગ્ય માહિતીનું પ્રસારણ કરવા માટેની તંત્ર–વ્યવસ્થા ઊભી કરવી, જાળવવી, તેની સમીક્ષા કરવી અને કક્ષા ઊંચે લઈ જવી.,

(૧૫) જિલ્લા કક્ષાની સહાય યોજના અને માર્ગદર્શક સૂચનાઓ તૈયાર કરવી, સમીક્ષા કરવી અને તેને અદ્યતન બનાવવી.

(૧૬) કોઈપણ જોખમકારક આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિ માટેના સહાય પગલાનું સંકલન કરવું,

(૧૭) એ સુનિશ્ચિત કરવું કે જિલ્લા કક્ષાએ સરકારના વિભાગો અને સ્થાનિક તંત્રો, જિલ્લા સહાય યોજના અનુસાર તેમની સહાય યોજના તૈયાર કરે.,

(૧૮) કોઈપણ જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિ સામે અસરકારક સહાય પગલાં લેવા, જિલ્લાની સ્થાનિક હદની અંદર જિલ્લા કક્ષાએ સંબંધિત સરકારના વિભાગ અથવા બીજા કોઈ તંત્રને માટે માર્ગદર્શક સૂચનાઓ ઠરાવવી અથવા તેઓને આદેશ આપવા.,

(૧૯) આપત્તિ વ્યવસ્થાપનના કામમાં રોકાયેલ જિલ્લા કક્ષાએ સરકારના વિભાગો,વૈધાનિક સંસ્થાઓ અને જિલ્લામાં સરકારી અને બિનસરકારી સંસ્થાઓની પ્રવૃતિઓ અંગે સલાહ અને સહાય આપવા તથા તેનું સંકલન કરવું.,

(૨૦) જિલ્લામાં જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિ નિવારણ અને ઘટાડા માટે ત્વરિત અને અસરકારક પગલાં લેવામાં આવે તે સુનિશ્ચિત કરવા જિલ્લામાં સ્થાનિક તંત્રોને સાથે સંકલન સાધવું અને તેઓને માર્ગદર્શક સૂચનાઓ આપવી.,

(૨૧) જિલ્લાના સ્થાનિક તંત્રોને તેમના કાર્યો હાથ ધરવા અંગે, જરૂરી ટેકનિકલ સહાય પૂરી પાડવી અથવા સલાહ આપવી,

(૨૨) આપત્તિ નિવારણ કે ઘટાડા માટે યોજનાઓમાં જરૂરી જોગવાઈ કરવામાં આવે તે દૃષ્ટિએ જિલ્લા કક્ષાએ સરકારના વિભાગો, વૈધાનિક સંસ્થાઓ કે સ્થાનિક તંત્રોએ તૈયાર કરેલી વિકાસ યોજનાઓની સમીક્ષા કરવી.

(૨૩) જિલ્લાના કોઈપણ વિસ્તારમાં બાંધકામનું પરીક્ષણ કરવું અને તેમના અભિપ્રાય પ્રમાણે આવાં બાંધકામ માટે ઠરાવેલ આપત્તિ નિવારણ કે ઘટાડા માટે ધોરણો અનુસરવામાં આવી રહયાં નથી કે અનુસરવામાં આવ્યાં નથી, તો તેમને આવા ધોરણોનું પાલન કરાવવા જરૂરી હોય તેવાં પગલાં લેવા સંબંધિત તંત્રને આદેશ આપી શકાશે.

(૨૪) કોઈ જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિ ઊભી થાય તે વેળાએ રાહત કેન્દ્રો કે શિબિરો તરીકે ઉપયોગ કરી શકાય તેવા મકાનો અને સ્થળો મુકરર કરવાં અને આવાં મકાનો કે સ્થળોમાં પાણી પુરવઠા અને સ્વચ્છતાની ગોઠવણ કરવી,

(૨૫) રાહત અને બચાવ સામગ્રીનો સ્ટોક પુરવઠો રાખવો, જેથી ટૂંકી નોટિસમાં તેવી સામગ્રી ઉપલબ્ધ કરાવી શકાય

(૨૬) આપત્તિ વ્યવસ્થાપનનાં જુદાં જુદાં પાસાને લગતી માહિતી રાજ્ય તંત્રને પૂરી પાડવી,

(૨૭) આપત્તિ વ્યવસ્થાપન માટે, જિલ્લામાં પાયાના સ્તરે કામ કરતી બિનસરકારી સંસ્થાઓ અને સ્વૈચ્છિક સામજિક કલ્યાણ સંસ્થાઓની સામેલગીરીને પ્રોત્સાહન આપવું,

(૨૮) સંદેશા–વ્યવહાર સિસ્ટમ ચાલુ હોય તે સુનિશ્ચિત કરવું, અને આપત્તિ વ્યવસ્થાપન કવાયત સામાયિક રીતે હાથ ધરવામાં આવે તે જોવું,

(૨૯) રાજ્ય સરકાર કે રાજ્ય તંત્ર દ્વારા તેમને સોંપવામાં આવે અથવા જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપન માટે તેને જરૂરી જણાય તેવાં બીજાં કાર્યો હાથ ધરવાં

(૩૧) (૧) રાજ્યના દરેક જિલ્લા માટે આપત્તિ વ્યવસ્થાપન અંગેની યોજના હશે.

(૨) જિલ્લા તંત્ર, સ્થાનિક તંત્રો સાથે ચર્ચા–વિચારણા કરીને અને રાષ્ટ્રીય યોજના અને રાજ્ય યોજનાને લક્ષમાં રાખીને, જિલ્લા તંત્રે જિલ્લા યોજના તૈયાર કરવી, જેને રાજ્ય તંત્રે મંજૂરી આપવાની રહેશે.

(૩) જિલ્લા યોજનમાં સમાવિષ્ટ થશે :

(ક) આપત્તિના વિવિધ સ્વરૂપો સામે સહાયપાત્ર બનતાં જિલ્લાના વિસ્તારો.,

(ખ) જિલ્લા કક્ષાએ સરકારના વિભાગો અને જિલ્લામાં સ્થાનિક તંત્રો દ્વારા આપત્તિ નિવારણ અને ઘટાડા માટે લેવાનાર પગલાં.,

(ગ) કોઈપણ જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિનો સામનો કરવા જિલ્લા કક્ષાએ સરકારના વિભાગો અને જિલ્લાના સ્થાનિક તંત્રો દ્વારા હાથ ધરવા જરૂરી ક્ષમતા–નિર્માણ અને તૈયારીનાં પગલાં.,

(ઘ) આપત્તિની ઘટના વખતે નીચેના માટે જોગવાઈ કરતી સહાય યોજનાઓ અને કાર્યપદ્ધતિઓ :–

(૧) જિલ્લા કક્ષાએ સરકારના વિભાગો અને જિલ્લાના સ્થાનિક તંત્રોમાં જવાબદારીઓની ફાળવણી

(૨) આપત્તિ અને તેની રાહત માટે તત્કાલ સહાય,

(૩) આવશ્યક સંસાધનોની પ્રાપ્તિ,

(૪) સંદેશા–વ્યવહાર જોડાણોની સ્થાપના,

(૫) લોકોમાં માહિતીનો પ્રસાર,

(૬) રાજય તંત્ર દ્વારા જરૂરી જણાય તેવી બીજી બાબતો

(૫) પેટા કલમ (૨) અને (૪) માં ઉલ્લેખ કરેલ જિલ્લા યોજનાની નકલો, જિલ્લામાં સરકારના વિભાગોને ઉપલબ્ધ કરાવવી.

(૬) જિલ્લા તંત્રે, જિલ્લા યોજનાની નકલ રાજય તંત્રને મોકલવી અને તે રાજય સરકારને રવાના કરશે.

(૭) જિલ્લા તંત્ર, વખતો વખત યોજનાના અમલીકરણની સમીક્ષા કરશે અને તેના અમલ માટે જરૂરી લાગે તેવી સૂચનાઓ જિલ્લામાં સરકારના જુદા જુદા વિભાગોને મોકલશે.

(૩૨) જિલ્લા કક્ષાએ ભારત સરકારની અને રાજય સરકારની દરેક કચેરી અને સ્થાનિક તંત્રો, જિલ્લા તંત્રના નિરીક્ષણને અધીન રહીને :–

(ક) નીચેની બાબતોને નકકી કરતી આપત્તિ વ્યવસ્થાપન યોજના તૈયાર કરશે,

(૧) જિલ્લા યોજનામાં નિવારણ અને ઘટાડા પગલાં માટે તથા સંબંધિત વિભાગો કે સંસ્થાને સોંપેલ કાર્યો માટે જોગવાઈઓ,

(૨) જિલ્લા યોજનામાં ઠરાવ્યા પ્રમાણે ક્ષમતા–નિર્માણ અને તૈયારીને લગતાં પગલાં લેવા માટેની જોગવાઈ

(૩) જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિનો સામનો કરવા સહાય યોજના અને કાર્યપદ્ધતિઓ

(ખ) સ્થાનિક તંત્રો, સમુદાયો અને અન્ય સ્ટેક હોલ્ડરો સહિત જિલ્લા કક્ષાની બીજી સંસ્થાઓ સાથે તેમની તૈયારી અને અમલીકરણ યોજનાઓનું સંકલન કરવું.,

(ગ) યોજનાની નિયમિત સમીક્ષા કરી તેને અદ્યતન બનાવવી અને

(ઘ) જિલ્લા તંત્રને, આપત્તિ વ્યવસ્થા યોજના અને તેમાં કરાયેલ કોઈપણ સુધારાની નકલ મોકલવી.

(૩૩) જિલ્લા તંત્ર, આદેશ અન્વયે, આપત્તિ નિવારણ કે ઘટાડા માટે, અથવા તેની અસરકારક સહાય માટે જરૂરી જણાય તેવા પગલાં લેવા કોઈ અધિકારી કે કોઈ વિભાગ કે કોઈ સ્થાનિક તંત્ર મેળવી શકે અને આવા અધિકારી કે વિભાગે આવા આદેશનું પાલન કરવા બંધાયેલા રહેશે.

(૩૪) જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિનો સામનો કરવામાં સમુદાયને મદદ કરવા, રક્ષણ આપવા કે રાહત પૂરી પાડવા જિલ્લા તંત્ર કરી શકશે :

(ક) જિલ્લામાં સરકારના વિભાગ અને સ્થાનિક તંત્ર પાસે ઉપલબ્ધ સંસાધનો છુટાં કરવાં અને તેનો ઉપયોગ કરવાં અંગે આદેશો આપવા.,

(ખ) સહાયપાત્ર અસરગ્રસ્ત વિસ્તાર તરફ, ત્યાંથી અને તેની અંદર વાહન–વ્યવહાર પર નિયંત્રણ અને પ્રતિબંધ.,

(ગ) સહાયપાત્ર કે અસરગ્રસ્ત વિસ્તારમાં કોઈપણ વ્યકિતનો પ્રવેશ, અંદર તેની હિલચાલ,ત્યાંથી બહાર નીકળવા પર નિયંત્રણ અને પ્રતિબંધ.,

(ઘ) કાટમાળનો નિકાલ કરવો,શોધ–તપાસ હાથ ધરવી અને બચાવ કામગીરી હાથ ધરવી.,

(ચ) આશ્રય, ખોરાક,પીવાનું પાણી, આવશ્યક કરિયાણું, આરોગ્ય સંભાળ અને સેવાઓ પૂરી પાડવી.,

(છ) અસરગ્રસ્ત વિસ્તારમાં સંકટકાલિન સંદેશા–વ્યવહાર સિસ્ટમ સ્થાપિત કરવી

(જ) હકદાવો ન કરાયેલ લાશોના નિકાલ માટે ગોઠવણ કરવી.,

(ઝ) રાજયના કોઈપણ સરકારી વિભાગ, જિલ્લા કક્ષાએ તે સરકાર હેઠળના કોઈપણ તંત્ર કે સંસ્થાને, તેના મતે લેવાં જરૂરી પગલાં હાથ ધરવાની ભલામણ કરવી.,

(ટ) તેને જરૂરી લાગે તે પ્રમાણે સલાહ અને સહાય આપવા પ્રસ્તુત ક્ષેત્રોમાં નિષ્ણાતો અને સલાહકારો રાખવા.,

(ઠ) કોઈપણ તંત્ર કે વ્યકિત પાસેથી સુવિધાઓનો સંપૂર્ણપણે અથવા અગ્રિમપણે ઉપયોગ કરવા તે મેળવવી.,

(ડ) હંગામી પુલો કે અન્ય જરૂરી સંરચનાઓ બાંધવી અને લોકો માટે જોખમી બને અથવા આપત્તિની અસરો તીવ્ર બનાવે તેવી સંરચનાઓ તોડી પાડવી.,

(ઢ) બિનસરકારી સંસ્થાઓ સમાનપણે અને ભેદભાવ વિના તેમની પ્રવૃતિઓ હાથ ધરે તે સુનિશ્ચિત કરવું.,

(ણ) આવી પરિસ્થિતિમાં જરૂરી અથવા સાવધાની તરીકે જરૂરી પગલાં લેવાં.,

## પ્રકરણ – ૫

## આપત્તિ વ્યવસ્થા માટે સરકાર દ્વારા પગલાં

(૩૫) (૧) આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, કેન્દ્ર સરકાર, આપત્તિ વ્યવસ્થાપન માટે તેને જરૂરી અને આવશ્યક લાગે તેવાં તમામ પગલાં લેશે

(૨) વિશેષમાં અને પેટા કલમ (૧) ની જોગવાઈઓને બાધક બન્યા વિના, કેન્દ્ર સરકાર, તે કલમ હેઠળ જે પગલાં લેશે તેમાં નીચેની તમામ કે કોઈપણ બાબતો અંગેના પગલાંનો સમાવેશ થશે જેમ કે,

(ક) આપત્તિ વ્યવસ્થાપન સંબંધમાં ભારત સરકારનાં મંત્રાલયો કે વિભાગો, રાજ્ય સરકારો, રાષ્ટ્રીય તંત્ર, રાજ્ય તંત્રો, સરકારી અને બિનસરકારી સંસ્થાઓનાં કાર્યોનું સંકલન,

(ખ) ભારત સરકારનાં મંત્રાલયો કે વિભાગો તેમની વિકાસ યોજનાઓ અને પરિયોજનાઓમાં આપત્તિ નિવારણ અને ઘટાડા માટેના પગલાનું સંકલન થાય તે સુનિશ્ચિત કરવું

(ગ) ભારત સરકારનાં મંત્રાલયો કે વિભાગો દ્વારા આપત્તિ નિવારણ, ઘટાડો, ક્ષમતા નિર્માણ અને પૂર્વતૈયારી માટે નાણાંની યોગ્ય ફાળવણી સુનિશ્ચિત કરવી,

(ઘ) ભારત સરકારનાં મંત્રાલયો કે વિભાગો, કોઈપણ જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિનો ત્વરિત અને અસરકારક રીતે સામનો કરવાની તૈયારી માટે જરૂરી પગલાં લે તે સુનિશ્ચિત કરવું.

(ચ) રાજ્ય સરકારોને, તેમના દ્વારા વિનંતી કરાયા પ્રમાણે કે અન્યથા તેમને યોગ્ય લાગે તે મુજબ સહકાર અને સહાય આપવા,

(છ) આ અધિનિયમના હેતુ માટે જરૂરી હોય તે મુજબ, નૌકા, લશ્કરી અને હવાઈદળો, સંઘના અન્ય સશસ્ત્રદળો કે અન્ય કોઈ મુલકી કર્મચારીઓને નીમવા,

(જ) આ અધિનિયમના હેતુસર યુનોની સંસ્થાઓ, આંતરરાષ્ટ્રીય સંગઠનો તથા વિદેશોની સરકારો સાથે સંકલન,

(ઝ) આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે, સંશોધન, તાલીમ અને વિકાસ કાર્યક્રમો માટેની સંસ્થાઓ સ્થાપવી,

(ટ) આ અધિનિયમની જોગવાઈઓના અસરકારક અમલ માટે તેને જરૂરી અને આવશ્યક લાગે તેવી બીજી બાબતો,

(ઠ) મોટી આપત્તિથી અસરગ્રસ્ત તમામ દેશોને,કેન્દ્ર સરકાર તેને યોગ્ય લાગે તેવી સહાય પહોંચાડશે.

(૩) ભારત સરકારના દરેક મંત્રાલય કે વિભાગની નીચે મુજબની જવાબદારી રહેશે.

(ક) રાષ્ટ્રીય તંત્રે ઠરાવેલ માર્ગદર્શક સૂચનાઓ અનુસાર આપત્તિ નિવારણ,ઘટાડો,પૂર્વતૈયારી, ક્ષમતા–નિર્માણ માટે જરૂરી પગલાં લેવાં.,

(ખ) તેની વિકાસ યોજનાઓ અને પરિયોજનાઓમાં, રાષ્ટ્રીય તંત્ર દ્વારા ઠરાવેલ માર્ગદર્શક સૂચનાઓ અનુસાર, આપત્તિ નિવારણ કે ઘટાડા માટેના પગલાં.,

(ગ) રાષ્ટ્રીય તંત્રની માર્ગદર્શક સૂચનાઓ અથવા તે અંગેની ...... સમિતિઓના આદેશો મુજબ કોઈપણ જોખમીઆપત્તિ પરિસ્થિતિ કે આપત્તિ અંગે અસરકારક અને ત્વરિત પગલાં.,

(ઘ) તેના દ્વારા વહીવટ કરાતાં કાયદા, તેની નીતિઓ, નિયમો અને વિનિયમોનું, આપત્તિ નિવારણ, ઘટાડા કે પૂર્વતૈયારી માટે જરૂરી જોગવાઈઓનો તેમાં સમાવેશ કરવાની દષ્ટિએ સંકલન.,

(ચ) આપત્તિ નિવારણ, ઘટાડા, ક્ષમતા નિર્માણ અને પૂર્વતૈયારી માટેના પગલાં માટે નાણાંની ફાળવણી.,

(છ) રાષ્ટ્રીય તંત્ર અને રાજય સરકારોને નીચેની બાબતો માટે સહાય આપવી

(૧) આપત્તિ વ્યવસ્થાપન સંબંધમાં આપત્તિ ઘટાડા, પૂર્વતૈયારી અને સહાય યોજના તૈયાર કરવી, એકત્રિકરણ અને ઓળખ તથા કર્મચારીઓની તાલીમ.,

(૨) બચાવ અને રાહત કાર્યો હાથ ધરવાં.,

(૩) કોઈ આપત્તિથી થતાં નુકસાનની આકારણી કરવી.,

(૪) પુનઃસ્થાપન અને પુનઃબાંધકામ હાથ ધરવાં.,

(જ) કોઈ જોખમી આપત્તિ સ્થિતિ કે આપત્તિ અંગે ત્વરિત અને અસરકારક રીતે સહાય પહોંચાડવા માટે રાષ્ટ્રીય કારોબારી સમિતિ કે રાજય કારોબારી સમિતિને સંસાધનો ઉપલબ્ધ કરાવવા, જેમાં નીચેની બાબતો માટેનાં પગલાંનો સમાવેશ થશે

(૧) સહાયપાત્ર અસરગ્રસ્ત વિસ્તારમાં સંદેશા–વ્યવહાર સિસ્ટમની જોગવાઈ કરવી.,

(૨) અસરગ્રસ્ત વિસ્તારોમાં કર્મચારીઓ, રાહત અને માલસામાન મોકલવા.,

(૩) સ્થળ ખાલી કરાવવા, બચાવ,હંગામી આશ્રય કે અન્ય તાત્કાલિક રાહત પૂરી પાડવી.,

(૪) હંગામી પુલો, જેટ્ટીઓ અને ઉતરાણ સ્થળો ઊભા કરવાં.,

(૫) અસરગ્રસ્ત વિસ્તારમાં પીવાનું પાણી, આવશ્યક ચીજવસ્તુઓ, …… અને સેવાઓ પૂરી પાડવી.,

(ઝ) આપત્તિ વ્યવસ્થા માટે જરૂરી જણાય તેવાં બીજાં પગલાં લેવા.

૩૭ (૧) ભારત સરકારના દરેક મંત્રાલય કે વિભાગ નીચેની કામગીરી કરશેઃ

(ક) નીચેની વિગતો નિર્દિષ્ટ કરતી આપત્તિ વ્યવસ્થા યોજના તૈયાર કરવી

(૧) રાષ્ટ્રીય યોજના અનુસાર, આપત્તિ નિવારણ અને ઘટાડા માટે તેના દ્વારા લેવાનાં પગલાં,

(૨) રાષ્ટ્રીય તંત્ર અને રાષ્ટ્રીય કારોબારી સમિતિની માર્ગદર્શક સૂચનાઓ અનુસાર, તેમની વિકાસ યોજનાઓમાં આપત્તિ ઘટાડા પગલાનાં સંકલન અંગે વિશિષ્ટ વર્ણન

(૩) કોઈપણ જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિનો સામનો કરવા પૂર્વતૈયારી અને ક્ષમતા નિર્માણ સંબંધમાં તેમની ભૂમિકા અને જવાબદારીઓ

(૪) કોઈપણ જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિ સામે ત્વરિત અને અસરકારક રીતે સહાય કરવા બાબતમાં તેમની ભૂમિકાઓ અને જવાબદારીઓ,

(૫) પેટા ખંડો (૩) અને (૪) માં નિર્દિષ્ટ ભૂમિકાઓ અને જવાબદારીઓ બજાવવાની તેમની પૂર્વતૈયારીની હાલની સ્થિતિ,

(૬) (ક) પેટા ખંડો (૩) અને (૪) માં નિર્દિષ્ટ તેમની જવાબદારીઓ બજાવવી શકાય તે સારુ લેવા જરૂરી પગલાં,

(ખ) ખંડ (ક) માં ઉલ્લેખ કરેલ યોજનાની દર વર્ષે સમીક્ષા કરવી અને તેને અદ્યતન બનાવવી,

(ગ) ખંડ (ક) કે ખંડ (ખ) માં ઉલ્લેખ કરેલ યોજનાની નકલ, યથાપ્રસંગે કેન્દ્ર સરકારને મોકલવી, જે તે નકલ મંજૂરી માટે રાષ્ટ્રીય તંત્રને મોકલશે.

(૨) ભારત સરકારના દરેક મંત્રાલય કે વિભાગે–

(ક) પેટા કલમ (૧) ના ખંડ (ક) અન્વયે આપત્તિ વ્યવસ્થા યોજના તૈયાર કરતી વખતે, તેમાં નિર્દિષ્ટ કરેલી પ્રવૃત્તિઓ માટે નાણાં–વ્યવસ્થાની જોગવાઈ કરવી.,

(ખ) પેટા કલમ (૧) ના ખંડ (ક) માં ઉલ્લેખ કરેલ યોજનાના અમલીકરણ અંગેની સ્થિતિનો અહેવાલ, રાષ્ટ્રીય તંત્રને તે જયારે માગે ત્યારે રજૂ કરવો.,

(૩૮) (૧) આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, દરેક રાજય સરકાર, રાષ્ટ્રીય તંત્ર દ્વારા ઠરાવેલી માર્ગદર્શક સૂચનાઓમાં નિર્દિષ્ટ કરેલાં તમામ પગલાં લેશે તથા આપત્તિ વ્યવસ્થાપનના હેતુસર તેને જરૂરી અને આવશ્યક જણાય તેવાં બીજાં પગલાં લેશે

(૨) રાજય સરકાર પેટા કલમ (૧) હેઠળ જે પગલાં લે તેમાં નીચેની તમામ કે કોઈપણ બાબતો અંગેનાં પગલાંનો સમાવેશ થશે :–

(ક) રાજય સરકારના જુદા જુદા વિભાગો, રાજય તંત્ર, જિલ્લા તંત્રો, સ્થાનિક તંત્ર અને અન્ય સરકારી સંસ્થાઓનાં કાર્યોનું સંકલન.,

(ખ) રાષ્ટ્રીય તંત્ર અને રાષ્ટ્રીય કારોબારી સમિતિ, રાજય તંત્ર અને રાજય કારોબારી સમિતિ અને જિલ્લા તંત્રને આપત્તિ વ્યવસ્થા માટે સહકાર અને સહાય.,

(ગ) ભારત સરકારના મંત્રાલયો કે વિભાગોને તેમના દ્વારા વિનંતી કરાય કે તેમને યોગ્ય જણાય તે મુજબ આપત્તિ બાબત સહકાર અને સહાય.,

(ઘ) રાજય યોજના અને જિલ્લા યોજનાની જોગવાઈઓ અનુસાર, આપત્તિ નિવારણ, ઘટાડો, ક્ષમતા–નિર્માણ અને પૂર્વતૈયારી માટે રાજય સરકારના વિભાગો દ્વારા નાણાંની ફાળવણી.,

(ચ) રાજય સરકારના વિભાગો દ્વારા તેમની વિકાસ યોજના અને પરિયોજનાઓમાં આપત્તિ નિવારણ કે ઘટાડા માટેના પગલાનું સંકલન કર્યાનું સુનિશ્ચિત કરવું.,

(છ) રાજયના વિવિધ ભાગોની જુદી જુદી આપત્તિઓ સંબંધમાં સહાયતાપાત્રતા ઓછી કરવા કે ઘટાડવાનાં પગલાંનું રાજયની અનુસાર રાજયના વિવિધ વિભાગોએ આપત્તિ વ્યવસ્થા યોજનાઓ તૈયાર કરવી.,

(ઝ) સહાયતાપાત્ર લોકોના સ્તર સુધી યોગ્ય ચેતવણી સિસ્ટમ સ્થાપવી.,

(ટ) ગુજરાત સરકારના વિવિધ વિભાગો અને જિલ્લા તંત્રો યોગ્ય પૂર્વતૈયારી પગલાં લે તે સુનિશ્ચિત કરવું,

(છ) કોઈપણ જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિમાં અસરકારક સહાય, બચાવ અને રાહતના હેતુસર, યથાપ્રસંગ રાષ્ટ્રીય કારોબારી સમિતિ કે રાજય કારોબારી સમિતિ કે જિલ્લા તંત્રોને રાજય સરકારના વિવિધ વિભાગોનાં સંસાધનો જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિમાં ઉપલબ્ધ કરાય તે સુનિશ્ચિત કરવું,

(જ) કોઈપણ આપત્તિનો ભોગ બનનારને પુનઃસ્થાપના અને પુનઃવર્સવાટ સહાય, અને

(૧) આ અધિનિયમની જોગવાઈઓનો અસરકારક અમલ કરવા, જરૂરી અને આવશ્યક જણાય તેવી બીજી સહાય.,

(૩૯) રાજય સરકારના દરેક વિભાગની જવાબદારી રહેશે :

(ક) રાષ્ટ્રીય તંત્ર અને રાજય તંત્ર દ્વારા ઠરાવેલ માર્ગદર્શક સૂચનાઓ અનુસાર આપત્તિ નિવારણ, ઘટાડો, પૂવ” તૈયારી અને ક્ષમતા– નિર્માણ માટે જરૂરી પગલાં લેવાં.,

(ખ) આપત્તિ નિવારણ અને ઘટાડા માટેનાં પગલાંનું વિકાસ યોજનાઓ અને પરિયોજના સાથે સંકલન કરવું,

(ગ) આપત્તિ નિવારણ, ઘટાડો, ક્ષમતા–નિર્માણ અને પૂર્વતૈયારી માટે નાણાંની ફાળવણી

(ઘ) રાજય યોજના અનુસાર અને માર્ગદર્શક સૂચનાઓ મુજબ અથવા રાષ્ટ્રીય કારોબારી સમિતિ અને રાજય કારોબારી સમિતિના આદેશો પ્રમાણે કોઈપણ જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિ માટે તત્કાલ અને અસરકારક સહાય.,

(ચ) આપત્તિ નિવારણ, ઘટાડો કે પૂર્વતૈયારી માટે જરૂરી જોગવાઈઓ તેમાં સમાવિષ્ટ કરવાની દષ્ટિએ, તેના દ્વારા વહીવટ કરતા કાયદા, તેની નીતિ, નિયમો અને વિનિયમોની સમીક્ષા,

(છ) રાષ્ટ્રીય કારોબારી સમિતિ, રાજય કારોબારી સમિતિ અને જિલ્લા તંત્રો દ્વારા જરૂરિયાત મુજબ નીચેના માટે સહાય પૂરી પાડવી :

(૧) આપત્તિ વ્યવસ્થા સંબંધમાં આપત્તિમાં ઘટાડો, પૂવ" તૈયારી, સહાય યોજનાઓ તૈયાર કરવી, ક્ષમતા નિર્માણ, વિગતોનુ એકત્રિકરણ અને ઓળખ તથા કર્મચારીઓની તાલીમ,

(૨) કોઈપણ આપત્તિથી થયેલ નુકસાનની આકારણી

(૩) પુનર્સ્થાપન અને પુનવર્સવાટ કામગીરી હાથ ધરવી

(જ) રાજય તંત્ર સાથે ચર્ચા–વિચારણા કરીને, જિલ્લા કક્ષાએ તેના અધિકારીઓ દ્વારા જિલ્લા યોજનાના અમલીકરણ માટે સંસાધનો અંગે જોગવાઈ કરવી,

(ઝ) નીચેના માટેના પગલાં સહિત રાજયમાં કોઈપણ આપત્તિ માટેનાં સત્વરે અને અસરકારક રીતે સહાય કરવા, રાષ્ટ્રીય કારોબારી સમિતિ કે રાજય કારોબારી સમિતિ કે જિલ્લા સત્તાધિકારીઓને સંસાધનો ઉપલબ્ધ કરાવવાં,

(૧) સહાયપાત્ર કે અસરગ્રસ્ત વિસ્તારમાં સંકટકાલિન સંદેશા–વ્યવહારની જોગવાઈ કરવી,

(૨) અસરગ્રસ્ત વિસ્તારને અને ત્યાંથી કર્મચારીઓ તથા રાહત–સામગ્રીનું પરિવહન કરવું,

(૩) કોઈપણ જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિના વિસ્તારમાંથી વ્યકિતઓ કે પશુધનને ખેસડવા,

(૪) હંગામી પુલો, જેટ્ટી અને ઉતરાણ સ્થળો સ્થાપવાં,

(૫) અસરગ્રસ્ત વિસ્તારમાં પીવાનું પાણી, આવશ્યક ચીજવસ્તુઓ, આરોગ્ય સંભાળ અને સેવાઓ પૂરી પાડવી,

(૪૦) (૧) રાજય સરકારના દરેક વિભાગ, રાજય તંત્ર દ્વારા ઠરાવેલ માર્ગદર્શક સૂચનાઓ સાથે સુસંગત રહીને નીચેની કામગીરી કરશે,

(ક) આપત્તિ વ્યવસ્થા યોજના તૈયાર કરવી જેમાં નીચેની બાબતો ઠરાવવી.,

(૧) આપત્તિના પ્રકારો જે સામે રાજયના જુદા જુદા વિભાગો સહાયપાત્ર હોય.,

(૨) વિભાગ દ્વારા વિકાસ યોજના અને કાર્યક્રમોની સાથે આપત્તિ નિવારણ કે ઘટાડાની અસરો અથવા બંને માટેના વ્યૂહોનું સંકલન.,

(૩) કોઈપણ જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિ ઊભી થયેથી અને હાથ ધરવા જરૂરી સંકટકાલિન સહાય કાર્ય માટે રાજયના વિભાગની ભૂમિકા અને જવાબદારી.,

(૪) પેટા ખંડ (૩) અન્વયે આવી ભૂમિકા કે જવાબદારીઓ બજાવવા અથવા સંકટકાલિન સહાય કાર્ય કરવાની તેની તૈયારીની હાલની સ્થિતિ.,

(૫) (ક) ભારત સરકારનાં મંત્રાલયો કે વિભાગો, કલમ ૩ અન્વયે તેમની જવાબદારીઓ ઉપાડી શકે તે સારુ અમલમાં મૂકવા વિચારાયેલ ક્ષમતા નિર્માણ અને પૂર્વતૈયારીનાં પગલાં,

(ખ) ખંડ (ક) માં ઉલ્લેખ કરેલ યોજનાની વાર્ષિક સમીક્ષા અને તેનું અદ્યતનીકરણ

(ગ) યથાપ્રસંગ ખંડ (ક) કે ખંડ (ખ) માં ઉલ્લેખ કરેલ યોજનાની નકલ રાજય તંત્રને મોકલવી.

(૨) રાજય સરકારના દરેક વિભાગે, પેટા કલમ (૧) અન્વયે યોજના તૈયાર કરતી વખતે, તેમાં નિર્દિષ્ટ પ્રવૃતિઓ માટે નાણાં પૂરા પાડવાં જોગવાઈ કરવી.

(૩) રાજય સરકારના દરેક વિભાગો, પેટા કલમ (૧) માં ઉલ્લેખ કરેલ આપત્તિ વ્યવસ્થાપન યોજનાના અમલીકરણ અંગે તેની સ્થિતિ અંગેનો અહેવાલ રાજય કારોબારી સમિતિને મોકલવો.

# પ્રકરણ–૯

# સ્થાનિક તંત્રો

(૪૧) જિલ્લા તંત્રના આદેશોને અધીન રહીને, સ્થાનિક તંત્ર –

(ક) અધિકારીઓ અને કર્મચારીઓને આપત્તિ વ્યવસ્થાપન અંગે તાલીમ આપી હોવાનું સુનિશ્ચિત કરશે.

(ખ) કોઈપણ જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિની ઘટના વેળાએ, આપત્તિ વ્યવસ્થાને લગતાં સંસાધનો એવાં જાળવવામાં આવે કે તે ઉપયોગ માટે ઉપલબ્ધ બની શકે.

(ગ) રાષ્ટ્રીય તંત્ર, રાજય તંત્ર અને જિલ્લા તંત્ર તેના અધિકાર ક્ષેત્ર હેઠળ અથવા તેની અંદરની તમામ બાંધકામ પરિયોજનાઓ, આપત્તિ નિવારણ અને ઘટાડા માટે ઠરાવેલ ધોરણો અને વિશિષ્ટ વિગતો સાથે સુસંગત હોય તે સુનિશ્ચિત કરશે.

(ઘ) રાજય યોજના અને જિલ્લા યોજના અનુસાર અસરગ્રસ્ત વિસ્તારમાં રાહત, પુનર્સ્થાપન અને પુનર્બાંધકામ પ્રવૃત્તિઓ હાથ ધરશે.

(૨) સ્થાનિક તંત્ર, આપત્તિ વ્યવસ્થાપન માટે જરૂરી હોય તેવાં બીજાં પગલાં લેશે.

## પ્રકરણ – ૭

## રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થા

(૪૨) (૧) કેન્દ્ર સરકાર, સરકારી રાજપત્રમાં જાહેરનામા દ્વારા આ અંગે જે તારીખથી નિમણૂંક કરે ત્યારથી રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થા તરીકે ઓળખાતી સંસ્થાની સ્થાપના કરશે.

(૨) રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થામાં કેન્દ્ર સરકાર નકકી કરે તેટલી સંખ્યામાં સભ્યોનો સમાવેશ કરવો.

(૩) રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થાની કચેરીમાં, અને સભ્યોમાં ખાલી જગ્યા પડે તો આવી ખાલી જગ્યાઓ ઠરાવ્યા પ્રમાણે અને તે રીતે ભરવામાં આવશે.

(૪) કેન્દ્ર સરકાર, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થાના સભ્યોમાંથી, ઠરાવેલી રીતે રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થા સંસ્થાની સંચાલન સંસ્થાની રચના કરશે.

(૫) રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થાની સંચાલન સંસ્થા, વિનિયોમમાં ઠરાવ્યા મુજબની સત્તાઓ વાપરશે અને તેવાં કાર્યો બજાવશે.

(૬) સંચાલન સંસ્થાએ વાપરવાની સત્તા અને કાર્યોની બજવણી માટે અનુસરવાની કાર્યપદ્ધતિ, કચેરીની મુદત અને સંચાલન સંસ્થાના સભ્યોમાંથી ખાલી જગ્યાઓ વિનિયમો દ્વારા ઠરાવેલી રીતે ભરવામાં આવશે.

(૭) આ કલમ હેઠળ વિનિયમો કરવામાં આવે નહી ત્યાં સુધી કેન્દ્ર સરકાર એવા વિનિયમો કરશે કે જેથી રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થા સંસ્થા પોતાની સત્તાનો ઉપયોગ કરીને, આ રીતે કરેલા વિનિયોમઓમાં ફેરફાર કે રદબાતલ કરી શકશે.

(૮) આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થા, રાષ્ટ્રીય તંત્ર દ્વારા ઠરાવવામાં આવેલ નીતિઓ અને માર્ગદર્શક સૂચનાઓ મુજબ કામ કરશે અને આપત્તિ વ્યવસ્થાપન વિસ્તારમાં તાલીમ અને સંશોધન દસ્તાવેજીકરણ અને આપત્તિ વ્યવસ્થાપન નીતિઓ, નિવારણ તંત્ર અને ઘટાડાના પગલાં બાબતમાં રાષ્ટ્રીય સ્તરે માહિતી આધાર વિકાસાવવા માટે આયોજન કરવા અને પ્રોત્સાહન આપવા જવાબદાર રહેશે.

(૯) પેટા કલમ (૮) માં સમાવિષ્ટ જોગવાઈઓની સામાન્યતાને બાધક બન્યા વિના, રાષ્ટ્રીય સંસ્થા તેનાં કાર્યો બજાવવા માટે,

(ક) તાલીમ મોડયુલ વિકસાવશે, આપત્તિ વ્યવસ્થા અંગે સંશોધન અને દસ્તાવેજીકરણ હાથ ધરશે અને તાલીમ કાર્યક્રમોનું આયોજન કરશે.

(ખ) આપત્તિ વ્યવસ્થાના તમામ પાસા આવરી લેતી સર્વાંગી વિકાસ યોજના ઘડશે અને અમલમાં મૂકશે.

(ગ) રાષ્ટ્રીય સ્તરે નીતિ ઘડવામાં સહાય કરશે,

(ઘ) સરકારી કર્મચારીઓ સહિત સ્ટેક હોલ્ડરો માટે તાલીમ અને સંશોધન કાર્યક્રમોના વિકાસ માટે તાલીમ અને સંશોધન સંસ્થાઓને જરૂરી સહાય પૂરી પાડવી અને રાજ્ય કક્ષાની તાલીમ સંસ્થાઓના ફેકલ્ટી સભ્યોની તાલીમ હાથ ધરવી,

(ચ) સરકારી કર્મચારીઓ સહિત સ્ટેક હોલ્ડરો, સિવિલ સમાજના સભ્યો, કોર્પોરેટ સેકટર અને લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓની ક્ષમતા–નિર્માણ માટે રાજ્ય સરકારો અથવા રાજ્ય તાલીમ સંસ્થાઓ દ્વારા જરૂર પડે તે પ્રમાણે, રાજયની નીતિઓ, વ્યૂહો, આપત્તિ વ્યવસ્થાપન માળખું તૈયાર કરવામાં અન્ય કોઈપણ સહાય અંગે રાજ્ય સરકારો અને રાજ્ય તાલીમ સંસ્થાઓ માટે સહાયની જોગવાઈ કરવી.

(છ) શૈક્ષણિક અને વ્યાવસાયિક અભ્યાસક્રમો સહિત આપત્તિ વ્યવસ્થાપન માટે શૈક્ષણિક સામગ્રી વિકસાવવી.

(જ) કોલેજ અને શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ, ટેકનિકલ કર્મચારીઓ તથા બહુવિધ–જોખમ ઘટાડા સાથે સંકળાયેલ અન્ય વ્યકિતઓ સહિત સ્ટેક હોલ્ડરોમાં જાગરૂકતા પેદા કરવી તથા પૂર્વતૈયારી અને સહાય પગલાં લેવાં,

(ઝ) ઉપર્યુકત ઉદ્દેશોને પ્રોત્સાહન આપવા દેશની અંદર અને બહાર અભ્યાસ માટેના અભ્યાસક્રમો, પરિષદો, વ્યાખ્યાનો, પરિસંવાદો હાથ ધરવા, તેનું આયોજન કરવું અને તેની સુવિધા ઊભી કરવી.,

(ટ) જર્નલો, સંસોધન લેખો અને પુસ્તકોનું પ્રકાશન હાથ ધરવું અને તે માટે જોગવાઈ કરવી અને ઉપયુર્કત ઉદ્દેશો વિકસાવવા ગ્રંથાલયો સ્થાપવાં અને જાળવવાં,

(ઠ) ઉપરના ઉદ્દેશો હાંસલ કરવા વાહક અને આનુષંગિક હોય તેવી તમામ અન્ય કાનુની વસ્તુઓ કરવી, અને

(ડ) કેન્દ્ર સરકાર દ્વારા સુપરત કરાયેલ બીજા કોઈપણ કાર્ય હાથ ધરવાં

(૪૩) કેન્દ્ર સરકાર, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થા સંસ્થા માટે તેના કાર્યો હાથ ધરવા જરૂરી લાગે તેવા અધિકારીઓ, સલાહકારો અને અન્ય કર્મચારીઓની જોગવાઈ કરશે.

## *પ્રકરણ – ૮*

## *રાષ્ટ્રીય આપત્તિ સહાય/પ્રતિભાવ દળ*

(૪૪) (૧) જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિ સામે વિશેષજ્ઞ સહાય હેતુ રાષ્ટ્રીય આપત્તિ સહાયદળ ઊભુ કરવામાં આવશે.

(૨) આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહેશે, દળની રચનાની રીત તથા શિસ્તાવિષયક જોગવાઈઓ સહિત દળના સભ્યોની સેવાની શરતો, ઠરાવવામાં આવે તે પ્રમાણે રહેશે.

(૪૫) દળની સામાન્ય દેખરેખ, આદેશ અને નિયંત્રણ રાષ્ટ્રીય તંત્રમાં નિહિત રહેશે અને તેના દ્વારા અમલી બનશે. દળની દેખરેખ, રાષ્ટ્રીય આપત્તિ સહાય દળના મહાનિર્દેશક તરીકે કેન્દ્ર સરકાર દ્વારા નિયુકત થનાર અધિકારીમાં નિહિત થશે.

## *પ્રકરણ – ૯*

## *નાણાં– વ્યવસ્થા, હિસાબો અને ઓડિટ*

(૪૬) (૧) કેન્દ્ર સરકાર, કોઈપણ જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિને પહોંચી વળવા, રાષ્ટ્રીય આપત્તિ સહાય ફંડ નામના ફંડની, સરકારી રાજપત્રમાં જાહેરનામાં દ્વારા રચના કરશે અને તેમાં જમા કરાશે–

(ક) આ અંગે સંસદ દ્વારા કરાયેલ યોગ્ય વિનિયોગ પછી કેન્દ્ર સરકાર જે રકમની જોગવાઈ કરે, તે

(ખ) આપત્તિ વ્યવસ્થાના હેતુસર કોઈ વ્યકિત કે સંસ્થા દ્વારા જે અનુદાન અપાય તે,

(૨) કેન્દ્ર સરકાર, રાષ્ટ્રીય તંત્ર સાથે ચર્ચા–વિચારણા કરીને જે માર્ગદર્શક સૂચનાઓ ઠરાવે તે અનુસાર સંકટકાલિન સહાય, રાહત અને પુનર્સ્થાપન માટેના ખર્ચને પહોંચી વળવા ઉપયોગ કરવા રાષ્ટ્રીય કારોબારી સમિતિને રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થા ફંડ ઉપલબ્ધ કરાવશે.

(૪૭) (૧) કેન્દ્ર સરકાર માત્ર આપત્તિ ઘટાડા માટેની પરિયોજનાઓ પૂરતું રાષ્ટ્રીય આપત્તિ ઘટાડા ફંડ તરીકે ઓળખાતા ફંડની રચના સરકારી રાજપત્રમાં જાહેરનામા દ્વારા કરશે અને તેમાં આ અંગે કેન્દ્ર સરકાર કાયદાથી સંસદ દ્વારા યોગ્ય વિનિયમો કરાયા બાદ તેવી રકમ જમા કરાવશે.

(૨) રાષ્ટ્રીય તંત્ર દ્વારા રાષ્ટ્રીય આપત્તિ ઘટાડા ફંડ લાગુ કરાશે.

(૪૮) (૧) રાજય સરકાર, રાજય તંત્ર અને જિલ્લા તંત્રની રચના માટે જાહેરનામું બહાર પાડયા પછી તરત આ અધિનિયમના હેતુસર નીચેના ફંડોની સ્થાપના કરશે જેમકે–

(ક) રાજય આપત્તિ સહાય ફંડના નામે ઓળખાતું ફંડ

(ખ) જિલ્લા આપત્તિ સહાય ફંડના નામે ઓળખાતું ફંડ

(ગ) રાજય આપત્તિ ઘટાડા ફંડના નામે ઓળખાતું ફંડ

(ઘ) જિલ્લા આપત્તિ ઘટાડા ફંડના નામે ઓળખાતું ફંડ

(૨) રાજય સરકાર એ સુનિશ્ચિત કરશે કે સ્થાપિત ફંડો–

(૧) પેટા કલમ (૧) ની ખંડ (ક) અન્વયે રાજય કારોબારી સભ્યને ઉપલબ્ધ કરાય

(૨) પેટા કલમ (૧) ના પેટા ખંડ (ગ) અન્વયે રાજય તંત્રને ઉપલબ્ધ કરાય

(૩) પેટા કલમ (૧) ના ખંડો (ખ) અને (ઘ) અન્વયે જિલ્લા તંત્રને ઉપલબ્ધ કરાય

(૪૯) (૧) ભારત સરકારના દરેક મંત્રાલય કે વિભાગ, આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં નકકી કરેલ પ્રવૃત્તિઓ અને કાર્યકમોમાં હાથ ધરવાના હેતુસર ફંડ માટે તેના વાર્ષિક અંદાજપત્રમાં જોગવાઈઓ કરશે.

(૨) પેટા કલમ (૧) ની જોગવાઈઓ અનુરૂપ ફેરફાર સાથે રાજય સરકારના વિભાગોને લાગુ પડે છે.

(૫૦) કોઈપણ જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિના કારણસર રાષ્ટ્રીય તંત્ર કે રાજ્ય તંત્ર કે જિલ્લા તંત્રને સંતોષ થાય કે બચાવ કે રાહત માટે તત્કાલ જોગવાઈ પ્રાપ્તિ આવશ્યક છે અથવા સંસાધનોનો તત્કાલ ઉપયોગ કરવો જરૂરી છે.

(ક) સંબંધિત વિભાગ કે તંત્રને તત્કાલ પ્રાપ્તિ કરવા અધિકૃત કરશે અને આવા કેસમાં ટેન્ડરો મંગાવવા જરૂરી ધોરણસરની કાર્યપદ્ધતિ છોડી દેવી.

(ખ) **અંગ્રેજીમાં (ખ) આખી કલમ અસ્પષ્ટ છે. (ગુજરાતી ભાષાંતર કરેલ નથી)**

## પ્રકરણ – ૧૦

## ગુનો અને દંડ

(૫૧) કોઈપણ કારણ વિના કોઈ વ્યકિત :–

(ક) કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કોઈ અધિકારી કે કર્મચારીને અથવા રાષ્ટ્રીય તંત્ર કે રાજય તંત્ર કે જિલ્લા તંત્ર દ્વારા અધિકૃત વ્યકિતને આ અધિનિયમ અન્વયે કાર્યોની બજવણીમાં અવરોધ ઊભો કરે, અથવા

(ખ) આ અધિનિયમ અન્વયે કેન્દ્ર સરકાર કે રાજય સરકાર કે રાષ્ટ્રીય કારોબારી સમિતિ કે રાજય કારોબારી સમિતિ કે જિલ્લા તંત્ર દ્વારા કે તેમના વતી અપાયેલા કોઈપણ આદેશનું પાલન કરવાની ના પાડે તો તકસીરવાર કરતાં, તેને કેદની સજા થશે જે એક વર્ષ સુધી કરાશે અથવા દંડ કે બંને માટે સજાપાત્ર બનશે અને આવા આદેશોના અવરોધ કે ઈન્કારના પરિણામે જાનહાનિ કે ભય તોળાઈ રહે તો, તકસીરવાર ઠર્યેથી વધુમાં વધુ બે વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ઠરશે.

(૫૨) જે કોઈ વ્યકિત જાણીબૂઝીને હકદાવો કરે જે ખોટો હોવાનું તે જાણતો હોય અથવા એમ માનવાને કારણ હોય તેવી કોઈ રાહત, સહાય, મરામત, પુનઃબાંધકામ કે બીજા લાભ, કેન્દ્ર સરકાર , રાજય સરકાર, રાષ્ટ્રીય તંત્ર, રાજય તંત્ર કે જિલ્લા તંત્રના કોઈ અધિકારી પાસેથી મેળવે તો તકસીરવાર ઠર્યેથી, બે વર્ષ સુધી લંબાવી શકાય તેવી કેદની સજા દંડની સાથે થશે.

(૫૩) જે કોઈ વ્યકિતને કોઈ નાણાં કે સામગ્રી સોંપવામાં આવી હોય અથવા અન્યથા જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિમાં રાહત આપવા માટેનાં કોઈ નાણાં કે માલસામાન પર કબજો ધરાવનાર કે વર્ચસ્વ ધરાવનાર કોઈ વ્યકિત તેના પોતાના ઉપયોગ માટે તેનો દુર્વિનિયોગ કે વિનિયોગ કરે અથવા આવાં નાણાં કે સામગ્રી કે તેના કોઈપણ ભાગનો નિકાલ કરે અથવા આમ કરવા માટે જાણીબૂઝીને કોઈ વ્યકિતને ફરજ પડે તો, ગુનેગાર ઠર્યેથી, બે વર્ષ સુધી લંબાવી શકાય તેવી કેદની સજાને પાત્ર ઠરશે અને દંડ પણ થશે.

(૫૪) જે કોઈ આપત્તિ અથવા તેની તીવ્રતા કે માત્રા અંગે ખોટી ભય–ચેતવણી કે સંકટ ચેતવણી આપે તેનો ફેલાવો કરે તો, ગુનેગાર ઠર્યેથી, વધુમાં વધુ એક વર્ષ અથવા દંડની સજાને પાત્ર ઠરશે.

(૫૫) (૧) આ અધિનિયમ હેઠળ સરકારના કોઈ વિભાગ, ગુનો કરે ત્યાં વિભાગના વડા ગુના માટે ગુનેગાર ગણવામાં આવશે અને તેની સામે ફોજદારી કાર્યવાહી થશે અને તે પ્રમાણે સજા કરાશે, સિવાય કે તે સાબિત કરે કે આ ગુનો તેની જાણ બહાર થયો હતો અથવા આવો ગુનો થતો અટકાવવા તેણે બનતી તમામ મહેનત કરી હતી.

(૨) આમ છતાં, પેટા કલમ (૧) માં કોઈપણ સમાવિષ્ટ હોય, પણ સરકારના વિભાગ દ્વારા આ અધિનિયમ હેઠળ ગુનો કર્યો હોય અને એમ સાબિત થાય કે આ ગુનો સંમતિથી અથવા તે તરફ આંખ મિંચામણા કરીને કરાયો છે અથવા તેના પક્ષે કોઈ બેદરકારીને કારણે થયો છે તો કોઈપણ અધિકારી,

વિભાગના વડા સિવાયના આવા અધિકારી તે ગુના માટે ગુનેગાર ગણવામાં આવશે અને તેની સામે ફોજદારી કાર્યવાહી કરાશે અને તદનુસાર સજા કરાશે.

(૫૬) કોઈપણ અધિકારી કે જેને આ અધિનિયમ દ્વારા કે તે અન્વયે કોઈ ફરજ સોપવામાં આવી હોય અને જે તેના હોદ્દાની ફરજો છોડી દે અથવા તે બજાવવાનો ઈન્કાર કરે અથવા તેમાંથી હટી જાય તો, તેના સરકારી ઉપરી અધિકારીની તે માટે સ્પષ્ટ લિખિત પરવાનગી મેળવી હોય અથવા આમ કરવા માટે અન્ય કોઈ કાયદેસર બચાવ હોય તે સિવાય દંડ સાથે વધુમાં વધુ ૧ વર્ષની કેદની સજાને પાત્ર કરશે.

(૫૭) કોઈ વ્યકિત કલમ–૬૫ હેઠળ કરાયેલ કોઈપણ આદેશનો ભંગ કરે તો તે વધુમાં વધુ એક વર્ષની કેદ અથવા દંડ અથવા બંને સજાને પાત્ર ઠરશે.

(૫૮) (૧) આ અધિનિયમ હેઠળ કંપની દ્વારા અથવા કોર્પોરેટ સંસ્થા દ્વારા ગુનો કરવામાં આવ્યો હોય ત્યાં ગુનો કરવામાં આવે તે સમયે હવાલો સંભાળનાર અને કંપનીના જવાબદાર દરેક વ્યકિત તેમજ કંપની કાયદાના ઉલ્લંઘન માટે ગુનેગાર ગણાશે અને તેની સામે ફોજદારી કાર્યવાહી માટે જવાબદાર ઠરશે અને તદનુસાર તેને સજા કરાશે.

પરંતુ, આ પેટા કલમમાંનું કશું પણ આવી કોઈપણ વ્યકિતને આ અધિનિયમમાં જોગવાઈ કરાયેલ કોઈપણ સજાને પાત્ર ઠરાવશે નહી, જો તે સાબિત કરે કે ગુનો તેની જાણ બહાર થયો હતો અને આવા ગુનાને થતો અટકાવવા તેને યોગ્ય મહેનત કરી હતી.

(૨) પેટા કલમ (૧) માં સમાવિષ્ટ કોઈપણ વસ્તુ હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળનો કોઈ ગુનો કંપની દ્વારા કરવામાં આવ્યો હોય, અને એવું સાબિત થાય કે ગુનો, કોઈપણ સંચાલક, મેનેજર, સેક્રેટરી કે કંપનીના બીજા કોઈ અધિકારીના પક્ષે તેની સંમતિથી કે આંખ મિંચામણા કરીને કે કોઈ બેદરકારીને કારણે થયો છે, તો આવા સંચાલક, મેનેજર, સેક્રેટરી કે અન્ય અધિકારી પણ તે ગુના માટે જવાબદાર ગણાશે અને તેની સામે ફોજદારી કાર્યવાહી કરાશે અને તદનુસાર સજાપાત્ર ગણાશે.

**સ્પષ્ટીકરણ –** આ કાર્યના હેતુસર,

(ક) કંપની એટલે પેઢી કે વ્યકિતઓના અન્ય એસોસિયેશનનો સમાવેશ કરતી કોઈપણ સંસ્થા અને

(ખ) પેઢીના સંબંધમાં 'સંચાલક' એટલે પેઢીમાં ભાગીદાર

(૫૯) કલમ– ૫૫ અને ૫૬ હેઠળ સજાપાત્ર ગુનાઓ માટે, કેન્દ્ર સરકારે અથવા રાજય સરકારે અથવા આ અંગે અધિકૃત કોઈપણ અધિકારીએ,યથાપ્રસંગે, સામાન્ય કે ખાસ આદેશ દ્વારા પૂર્વ મંજૂરી આપી હોય તે સિવાય આવી સરકાર, કોઈ ફોજદારી કાર્યવાહી કરશે નહી.

(૬૦) કોઈપણ કોર્ટ આ અધિનિયમ હેઠળ કોઈ ગુનો ઘ્યાનમાં લેશે નહી સિવાય કે નીચેના દ્વારા ફરીયાદ કરવામાં આવી હોય,

(ક) યથાપ્રસંગ રાષ્ટ્રીય તંત્ર,રાજય તંત્ર,કેન્દ્ર સરકાર, રાજય સરકાર, જિલ્લા તંત્ર કે આ અંગે તે તંત્ર કે સરકાર દ્વારા અધિકૃત બીજા કોઈપણ તંત્ર કે અધિકારી અથવા,

(ખ) કહેવાતા ગુનાની ઠરાવેલી રીતે અને રાષ્ટ્રીય તંત્ર રાજય તંત્ર, કેન્દ્ર સરકાર, રાજય સરકાર, ઉપર જણાવ્યા પ્રમાણે અધિકૃત કરેલ જિલ્લા તંત્ર કે બીજા કોઈ તંત્રને ફરીયાદ કરવાના તેના ઈરાદાની ઓછામાં ઓછા ત્રીસ દિવસની અંદર નોટિસ આપનાર કોઈ વ્યકિત.

## પ્રકરણ – ૧૧

## પ્રકીર્ણ

(૬૧) આપત્તિનો ભોગ બનનારને વળતર અને રાહત આપતી વખતે જાતિ,જ્ઞાતિ, સમુદાય, વંશ કે ધર્મના કારણસર કોઈ ભેદભાવ કરવામાં આવશે નહીં.

(૬૨) તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદામાં કાંઈપણ સમાવિષ્ટ હોય તેમ છતાં, કેન્દ્ર સરકારે, યથાપ્રસંગ, ભારત સરકારના મંત્રાલયો કે વિભાગો અથવા રાષ્ટ્રીય કારોબારી સમિતિ કે રાજય સરકાર, રાજય તંત્ર, રાજય કારોબારી સમિતિ, વૈધાનિક સંસ્થા કે તેના કોઈપણ અધિકારી કે કર્મચારીઓને, આપત્તિ વ્યવસ્થા માટે સુવિધા કે મદદ આપવા લેખિતમાં આદેશ આપવાનું કાયદેસર ગણાશે અને સરકારના આવા મંત્રાલય કે વિભાગ કે તંત્ર કે કારોબારી સમિતિ, વૈધાનિક સંસ્થા, અધિકારી કે કર્મચારી આવા આદેશનું પાલન કરવા બંધાયેલ રહેશે.

(૬૩) રાષ્ટ્રીય કારોબારી સમિતિ, કોઈપણ રાજય કારોબારી સમિતિ કે જિલ્લા તંત્ર કે આવી સમિતિ કે તંત્ર દ્વારા આ અંગે અધિકૃત કોઈપણ વ્યકિત, વિનંતી કરે ત્યારે કોઈપણ અધિકારી કે તંત્ર, તે સમિતિ કે તંત્ર કે વ્યકિત કે આવા અધિકારીઓ અને કર્મચારીઓને વિનંતી પ્રમાણે, આપત્તિ નિવારણ કે ઘટાડા કે બચાવ કે રાહતકામ સાથે સંકળાયેલ કોઈપણ કાર્યો કરવા ઉપલબ્ધ કરાવશે.

(૬૪) અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, રાષ્ટ્રીય કારોબારી સમિતિ, રાજય કારોબારી સમિતિ કે જિલ્લા તંત્રને એમ જણાય કે, યથાપ્રસંગ કોઈપણ નિયમ, વિનિયમ, જાહેરનામા માર્ગદર્શક સૂચના, સૂચના, આદેશ, યોજના, પેટા કાયદામાં આપત્તિ નિવારણ કે તેમા ઘટાડો કરવાના હેતુસર જોગવાઈઓ કરવી કે તેમાં સુધારા કરવા જરૂરી છે તો તેઓ તે હેતુ માટે, યથાપ્રસંગ, આવા નિયમો, વિનિયમ, જાહેરનામા,માર્ગદર્શક સૂચના, સૂચના, આદેશ, યોજના કે પેટા કાયદામાં તેવા સુધારા કરી શકશે અને યોગ્ય વિભાગ કે તંત્ર આ જરૂરિયાતોનું પાલન કરવા જરૂરી પગલાં લેશે.

(૬૫) રાષ્ટ્રીય કારોબારી સમિતિ, રાજય કારોબારી સમિતિ કે જિલ્લા તંત્ર કે આ અંગે તેના દ્વારા અધિકૃત બીજા કોઈપણ અધિકારીને એમ જણાય કે –

(ક) તત્કાલ રાહત માટે કોઈ તંત્ર કે વ્યકિત પાસેના સંસાધનોની જરૂર છે.

(ખ) બચાવ કામગીરી માટે કોઈપણ મકાનો જરૂરી હોય અથવા જરૂર પડવાની શકયતા હોય અથવા

(ગ) આપત્તિગ્રસ્ત વિસ્તારોમાંથી સંસાધનોના પરિવહન માટે અથવા અસરગ્રસ્ત વિસ્તારોમાં સંસાધનોના પરિવહન અથવા બચાવ, પુનર્વસવાટ કે પુનર્બાધકામ સંબંધમાં પરિવહન માટે કોઈ વાહનની જરૂર હોય કે જરૂર પડવાની શકયતા હોય.

આવું તંત્ર, લેખિત આદેશ આપીને, આવાં સંસાધનો કે મકાનો કે આવાં વાહન સંપાદિત કરી શકશે અને તેઓને સંપાદન કામગીરી માટે જરૂરી કે આવશ્યક જણાય તેવા બીજા આદેશો આપી શકાશે.

(૨) પેટા કલમ (૧) અન્વયે કોઈપણ સંસાધન, મકાન કે વાહન સંપાદિત કરાય ત્યારે આવા સંપાદનની મુદત, પેટા કલમમાં દર્શાવેલ કોઈપણ હેતુ માટે જરૂરી આવા સંસાધન, મકાન કે વાહનની જે મુદત હોય તેથી વધુ લંબાવાશે નહી.

(૩) આ કલમમાં,

(ક) **' સંસાધનોમાં '** માણસો અને સામગ્રી સંસાધનોનો સમાવેશ થાય છે.

(ખ) **' સેવાઓ '** માં સુવિધાઓનો સમાવેશ થાય છે.

(ગ) **' મકાનો '** માં કોઈપણ જમીન, મકાન કે મકાનનો ભાગ સમાવિષ્ટ છે, એ ઝૂંપડી, શેડ કે અન્ય સંરચના કે તેનો કોઈપણ ભાગ સમાવિષ્ટ છે.

(ઘ) **'વાહન'** એટલે યાંત્રિક શકિતથી કે અન્યથા સંચાલિત, પરિવહનના હેતુ માટે વપરાતા કે વાપરવા માટે શકિતમાન કોઈપણ વાહન.

(૬૬) કલમ –૬૫ ની પેટા કલમ (૧) માં ઉલ્લેખ કરેલ કોઈ સમિતિ, તંત્ર કે અધિકારી, તે કલમ અનુસાર કોઈ મકાનની જગ્યા સંપાદિત કરે ત્યારે, હિત ધરાવતી વ્યકિતને, નીચેની બાબતો વિચારણામાં લઈને વળતરની રકમ ચૂકવાશે :–

(૧) મકાનો સંબંધમાં ચૂકવવાપાત્ર ભાડું અથવા આ રીતે ભાડું ચુકવવાપાત્ર ન હોય તો તે વિસ્તારમાં તેવા જ મકાનો માટે ચૂકવવાપાત્ર ભાડું.,

(૨) મકાનોના સંપાદનને પરિણામે વ્યકિતને તેનું રહેઠાણ કે ધંધાનું સ્થળ બદલવાની ફરજ પડે તો આવા ફેરફારને આનુંષગિક વાજબી ખર્ચ (કોઈ હોય તો)

પરંતુ, આ રીતે નકકી કરાયેલ રકમથી નારાજ થયેલ હિત ધરાવતી કોઈપણ વ્યકિત, આ બાબત લવાદને મોકલવા માટે યથાપ્રસંગે કેન્દ્ર સરકાર કે રાજય સરકારને ત્રીસ દિવસની અંદર અરજી કરશે અને ચૂકવવાની વળતરની રકમ, યથાપ્રસંગ, કેન્દ્ર સરકાર કે રાજય સરકાર દ્વારા આ અંગે નિયુકત કરેલ લવાદ નકકી કરે તે પ્રમાણે રહેશે.

પરંતુ વળતર મેળવવાના માલિકીપણા અંગે અથવા વળતરની રકમના વિભાજન અંગે તકરાર ઊભી થાય ત્યાં યથાપ્રસંગ, કેન્દ્ર સરકાર કે રાજય સરકાર દ્વારા નિયુકત લવાદને નિર્ણય માટે આ બાબત મોકલાશે અને આવા લવાદના નિર્ણય પ્રમાણે તે નકકી કરાશે.

**<u>સ્પષ્ટીકરણ</u> :–** આ પેટા કલમમાં '**હિત ધરાવતી વ્યકિત**' શબ્દ પ્રયોગનો અર્થ એ કે સંપાદનની તરત પહેલાં, કલમ ૬૫ હેઠળ સંપાદિત કરાયેલ મકાનનો કબજો ખરેખર જે વ્યકિત ધરાવતી હોય તે અથવા ખરેખર આવો કબજો ધરાવતી કોઈ વ્યકિત ન હોય તો આવા મકાનનો માલિક :

(૨) કલમ ૬૫ ની પેટા કલમ (૧) માં ઉલ્લેખ કરેલ કોઈપણ સમિતિ, તંત્ર કે અધિકારી, તે કલમ અનુસાર કોઈ વાહન સંપાદિત કરે ત્યારે, તેના માલિકને ચૂકવવાના વળતરની રકમ, તે વિસ્તારમાં પ્રવર્તમાન ભાડા અને દરને આધારે યથાપ્રસંગ કેન્દ્ર સરકાર કે રાજય સરકાર નકકી કરશે.

પરંતુ આ રીતે નકકી કરાયેલ વળતરની રકમથી નારાજ થયેલ આવા વાહનનો માલિક, આ બાબત લવાદને મોકલવા, યથાપ્રસંગ, કેન્દ્ર સરકાર કે રાજય સરકારને ઠરાવેલી મુદતમાં અરજી કરે છે અને ચુકવવાની વળતરની રકમ યથાપ્રસંગ કેન્દ્ર સરકાર કે રાજય સરકાર દ્વારા નિયુકત લવાદ નકકી કરે તે રહેશે.

પરંતુ, વાહનનું સંપાદન કરાય તે પહેલાં તુરત, તેનો કબજો હપતા ખરીદી કરારની રૂએ માલિક સિવાયની બીજી વ્યકિત પાસે હોય ત્યાં, પેટા કલમ હેઠળ નકકી કરાયેલ વળતરની ચૂકવવાપાત્ર કુલ રકમનું તે વ્યકિત અને માલિક વચ્ચે તેઓ સહમત થાય તે પ્રમાણે વિભાજન કરાશે, અને કરારમાં કસૂર કર્યેથી યથાપ્રસંગ કેન્દ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા નિયુકત લવાદ આ અંગે નકકી કરશે.

(૬૭) રાષ્ટ્રીય તંત્ર, રાજય તંત્ર કે જિલ્લા તંત્ર, સરકારને, જોખમી આપત્તિ પરિસ્થિતિ કે આપત્તિ અંગે ચેતવણી કે સલાહ આપવા, કોઈ ઓડિયો કે ઓડિયો વિઝયુઅલ મીડિયા કે સંદેશા–વ્યવહારનાં કોઈ સાધનો જેના નિયંત્રણમાં હોય તેવી વ્યકિત કે તંત્રને ઉપલભ્ય કરાવવા માટે આદેશો આપે તેવી ભલામણ કરી શકશે અને નિયત કર્યા પ્રમાણે, સંદેશા–વ્યવહારના ઉકત સાધનો અને મીડિયા આવા આદેશનું પાલન કરશે.

(૬૮) રાષ્ટ્રીય તંત્ર કે રાષ્ટ્રીય કારોબારી સમિતિ, રાજય તંત્ર કે રાજય કારોબારી સમિતિ કે જિલ્લા તંત્રના દરેક આદેશ કે નિર્ણયને, રાષ્ટ્રીય તંત્ર કે રાષ્ટ્રીય કારોબારી સમિતિ કે રાજય કારોબારી સમિતિ કે જિલ્લા તંત્ર દ્વારા આ અંગે અધિકૃત કરાયા પ્રમાણે અધિકૃત કરાશે.

(૬૯) રાષ્ટ્રીય કારોબારી સમિતિ, રાજય કારોબારી સમિતિ સામાન્ય કે ખાસ લેખિત આદેશથી, આદેશમાં નિર્દિષ્ટ શરતો અને મર્યાદાઓ કોઈ હોય તો તેને અધીન રહીને, આ અધિનિયમ હેઠળની તેની સત્તાઓ અને કાર્યો, જરૂરી જણાય તો અધ્યક્ષ કે બીજા કોઈ સભ્ય કે કોઈ અધિકારીને સુપરત કરશે.

(૭૦) (૧) રાષ્ટ્રીય તંત્ર, દર વર્ષે એકવાર ઠરાવેલ સ્વરૂપમાં અને સમયે, આગલા વર્ષ દરમિયાનની પ્રવૃતિઓનો સાચો અને સંપૂર્ણ હિસાબ આપતો ખરેખર અહેવાલ તૈયાર કરશે અને તેની નકલો કેન્દ્ર સરકારને રવાના કરશે અને તે સરકાર તે મળ્યાના એક મહિનાની અંદર સંસદના બંને ગૃહ સમક્ષ રજૂ કરશે.

(૨) રાજય તંત્ર, દર વર્ષે એકવાર ઠરાવેલ સ્વરૂપમાં અને સમયે, આગલા વર્ષની પ્રવૃત્તિઓના સાચો અને સંપૂર્ણ હિસાબ આપતો ખરેખરો અહેવાલ તૈયાર કરશે અને તેની નકલો રાજય સરકારને રવાના કરશે અને તે

સરકાર તેની નકલો, બે ગૃહો ધરાવતી રાજ્ય વિધાનસભા હોય ત્યાં બંને ગૃહો સમક્ષ અથવા એક જ ગૃહ ધરાવતી વિધાનસભા હોય ત્યાં તે ગૃહ સમક્ષ રજૂ કરશે.

(૭૧) આ અધિનિયમથી સોંપેલી સત્તાઓ અને તે સંબંધમાં તેનાં કાર્યો અનુસાર કેન્દ્ર સરકાર, રાષ્ટ્રીય તંત્ર, રાજ્ય સરકાર, રાજ્ય તંત્ર કે જિલ્લા તંત્રે કરેલ કોઈપણ બાબત, લીધેલ પગલાં, કરેલા આદેશો, બહાર પાડેલ આદેશ, સૂચના કે માર્ગદર્શક સૂચના બાબતમાં કોઈપણ અદાલતને (સર્વોચ્ચ કે ઉચ્ચ અદાલત સિવાય) દાવો કે કાર્યવાહી કરવાની હકૂમત રહેશે નહી.

(૭૨) તત્સમય પૂરતું અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા કે આ અધિનિયમ સિવાય બીજા કોઈ કાયદા રૂપે અમલી હોય તેવા કોઈપણ દસ્તાવેજમાં કોઈપણ વિસંગત હોય તેમ છતાં, આ અધિનિયમની જોગવાઈઓ અમલી રહેશે.

(૭૩) કેન્દ્ર સરકાર અથવા રાષ્ટ્રીય તંત્ર કે રાજ્ય સરકાર કે રાજ્ય તંત્ર કે જિલ્લા તંત્ર કે સ્થાનિક તંત્ર કે કેન્દ્ર સરકારના કોઈ અધિકારી કે કર્મચારી અથવા રાષ્ટ્રીય તંત્ર કે રાજ્ય સરકાર કે રાજ્ય તંત્ર કે જિલ્લા તંત્ર કે સ્થાનિક તંત્ર કે સરકાર કે તંત્ર વતી કામ કરતી કોઈપણ વ્યકિત સામે આ અધિનિયમની જોગવાઈઓ કે તે હેઠળના નિયમો કે વિનિયઓ અન્વયે આવા તંત્રે કે સરકારે કે આવા અધિકારી કે કર્મચારીએ અથવા આવી વ્યકિતએ શુધ્ધ બુધ્ધિથી કરેલ કોઈપણ અથવા કરવા વિચારેલ અથવા કરવાનો ઈરાદો હોય તે સંબંધમાં કોઈપણ અદાલતમાં કોઈ દાવો કરવો કે ફરિયાદ માંડવી કે બીજી કાર્યવાહી કરી શકશે નહી.

(૭૪) કેન્દ્ર સરકાર, રાષ્ટ્રીય તંત્ર, રાષ્ટ્રીય કારોબારી સમિતિ, રાજ્ય સરકાર, રાજ્ય તંત્ર, રાજ્ય કારોબારી સમિતિ કે જિલ્લા તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓને કોઈપણ માથે તોળાઈ રહેલ આપત્તિ સંબંધમાં તેમની સરકારી હેસિયતથી કોઈ ચેતવણી અપાય અથવા તેનું પ્રસારણ કરાય તો અથવા આવા સંદેશા–વ્યવહાર કે પ્રસારણ અનુસાર લીધેલા કોઈ પગલાં કે બહાર પાડેલ કોઈ આદેશ બાબતમાં તેઓને કાનૂની પ્રક્રિયામાંથી મુકત રખાશે.

(૭૫) કેન્દ્ર સરકાર, સરકારી રાજપત્રમાં જાહેરનામું આપીને આ અધિનિયમના હેતુ મુજબની કામગીરી હાથ ધરવા નિયમો કરે છે.

(ક) પેટા કલમ (૨) અન્વયે રાષ્ટ્રીય તંત્રના સભ્યોની નિમણૂંક અને તેમની સંખ્યા તથા કલમ–૩ ની પેટા કલમ (૪) અન્વયે રાષ્ટ્રીય તંત્રના સભ્યોની સેવાની અને તેમના હોદ્દાની મુદત.,

(ખ) સલાહકાર સમિતિના સભ્યોને કલમ–૭ ની પેટા કલમ (૨) અન્વયે ચૂકવવાના ભથ્થાં.,

(ગ) કલમ–૮ ની પેટા કલમ (૩) અન્વયે રાષ્ટ્રીય કારોબારી સમિતિના અધ્યક્ષને સત્તા અને કાર્યો તથા કલમ–૮ ની પેટા કલમ (૪) અન્વયે રાષ્ટ્રીય કારોબારી સમિતિએ તેને મળેલી સત્તાનો અમલ કરવા અને તેનાં કાર્યો બજાવવા અનુસરવાની કાર્યપદ્ધતિ.,

(ઘ) કલમ–૯ ની પેટા કલમ (૩) અન્વયે રાષ્ટ્રીય કારોબારી સમિતિ દ્વારા નિર્મિત પેટા સમિતિ સાથે સંકળાયેલ વ્યકિતઓને ચૂકવવાના ભથ્થાં.,

(ચ) પેટા કલમ (૨) અન્વયે રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થા સંસ્થાના સભ્યોની સંખ્યા, પેટા કલમ (૩) અન્વયે સભ્યોના હોદ્દાની મુદત એને તેમની ખાલી જગ્યાઓ તથા આવી ખાલી જગ્યાઓ ભરવાની રીત અને કલમ–૪૨ ની પેટા કલમ (૪) અન્વયે રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થા સંસ્થાની સંચાલન સંસ્થા રચવાની રીત.,

(છ) કલમ ૪૪ ની પેટા કલમ (૨) અન્વયે, દળ રચવાની પધ્ધતિ, દળના સભ્યોની સેવાની શરતો તેમજ શિસ્તવિષયક જોગવાઈઓ.,

(જ) ગુનાની અને તેના ઈરાદાની નોટિસમાં રાષ્ટ્રીય તંત્ર, રાજય તંત્ર, કેન્દ્ર સરકાર, રાજય સરકાર કે બીજા કોઈ તંત્ર કે અધિકારીને કલમ ૬૦ ના ખંડ (ખ) હેઠળ ફરિયાદ જે રીતે કરવામાં આવે તે રીત.,

(ઝ) કલમ–૭૦ અન્વયે વાર્ષિક અહેવાલ તૈયાર કરવાનું સ્વરૂપ અને તેની સમયમર્યાદા

(ટ) ઠરાવવાની કે ઠરાવેલી બીજી કોઈ બાબત, અથવા જેના માટે નિયમો દ્વારા જોગવાઈ કરવાની હોય તે.,

(૭૬) (૧) રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થા સંસ્થા, કેન્દ્ર સરકારની મંજૂરી લઈને, સરકાર રાજપત્રમાં જાહેરનામા દ્વારા, આ અધિનિયમના હેતુઓ હાથ ધરવા, આ અધિનિયમ અને તે હેઠળ ઘડેલા નિયમો સાથે સુસંગત રહીને વિનિયમો બનાવશે.

(૨) ખાસ કરીને, અને આગલી સત્તાની સામાન્યતાને બાધક બન્યા વિના, આવા વિનિયમોમાં નીચેની તમામ કે કોઈપણ બાબત અંગે જોગવાઈ કરાશે.

(ક) સંચાલન સંસ્થા દ્વારા વાપરવાની સત્તા અને બજાવવાનાં કાર્યો

(ખ) સત્તાની રૂએ અને તેના કાર્યોની બજવણીમાં સંચાલન સંસ્થાએ અનુસરવાની કાર્યપદ્ધતિ.,

(ગ) આ અધિનિયમ અન્વયે બીજી કોઈ બાબતો માટે વિનિયમો દ્વારા જોગવાઈ કરાશે.

(૭૭) આ અધિનિયમ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલ દરેક નિયમ અને રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થા સંસ્થા દ્વારા કરાયેલ દરેક વિનિયમ, જેવા તે કરવામાં આવે કે તરત સંસદ સત્ર ચાલુ હોય ત્યારે સંસદના બંને ગૃહો સમક્ષ કુલ ત્રીસ દિવસમાં – જેમાં એક સત્ર કે બે કે વધુ ઉત્તરોતર સત્રોનો સમાવેશ થાય– રજૂ કરવા, બંને ગૃહો નિયમ કે વિનિયમમાં કોઈ સુધારો કરવા અથવા બંને ગૃહો નિયમ કે વિનિયમ ન કરવા સહમત થાય તો ત્યારબાદ તેવા નિયમ કે વિનિયમ માત્ર તેવા સુધારેલા સ્વરૂપમાં અમલી બનશે અથવા તે અમલી બનશે નહી,

તેથી આમ છતાં, તે નિયમ કે વિનિયમ અન્વયે અગાઉ કરાયેલ કોઈપણ બાબતની કાયદેસરતાને બાધક બન્યા વિના આવો કોઈપણ સુધારો કે તે રદ કરવાની બાબત અમલી બનશે.

(૭૮) (૧) રાજય સરકાર, આ અધિનિયમની જોગવાઈઓ હાથ ધરવા, સરકારી રાજપત્રમાં જાહેરનામું આપીને નિયમો કરે છે.

(૨) વિશેષતયા, આ અગાઉની સત્તાની સામાન્યતાને બાધક બન્યા વિના આવા નિયમો નીચેની તમામ કે કોઈપણ બાબતો અંગે જોગવાઈ કરશે –

(ક) કલમ–૧૪ ની પેટા કલમ (૨) અન્વયે રાજયના તંત્રના સભ્યોની રચના અને સંખ્યા તથા તેની પેટા કલમ (૫) અન્વયે રાજય તંત્રના સભ્યોના હોદ્દાની મુદત અને સેવાની શરતો.,

(ખ) કલમ–૧૭ ની પેટા કલમ (૨) અન્વયે સલાહકાર સમિતિના સભ્યોને ચૂકવવાના ભથ્થાં

(ગ) કલમ–૨૦ ની પેટા કલમ (૩) અન્વયે રાજય કારોબારી સમિતિના અધ્યક્ષની સત્તા અને કાર્યો તથા તેની પેટા કલમ (૪) અન્વયે સત્તાઓ વાપરવા અને કાર્યોની બજવણી અંગે રાજય કારોબારી સમિતિએ અનુસરવાની કાર્યપદ્ધતિ,

(ઘ) કલમ–૨૧ ની પેટા કલમ (૩) અન્વયે રાજય કારોબારી સમિતિએ રચેલી પેટા સમિતિ સાથે સંકળાયેલ વ્યકિતઓને ચૂકવવાના ભથ્થાં,

(ચ) કલમ ૨૫ ની પેટા કલમ (૨) અન્વયે જિલ્લા તંત્રના સભ્યોની રચના અને તેમની સંખ્યા તથા તેની પેટા કલમ (૩) અન્વયે જિલ્લા તંત્રના મુખ્ય વહીવટી અધિકારીએ વાપરવાની સત્તા અને બજાવવાનાં કાર્યો.

(છ) કલમ–૨૮ ની પેટા કલમ (૩) અન્વયે જિલ્લા તંત્રે રચેલી સમિતિ સાથે સંકળાયેલ નિષ્ણાતો તરીકેની વ્યકિતઓને ચૂકવવાપાત્ર ભથ્થાં,

(જ) નિયમો દ્વારા કરવાની હોય તેવી જોગવાઈ બાબતમાં ઠરાવવાની કે ઠરાવેલી બીજી કોઈ બાબત

(૩) આ અધિનિયમ હેઠળ રાજય સરકારે ઘડેલ દરેક નિયમ તે ઘડવામાં આવે તે પછી તરત વિધાનસભામાં બે ગૃહો હોય તો તેની સમક્ષ અને વિધાનસભામાં એક ગૃહ હોય તો તે ગૃહ સમક્ષ રજૂ કરવો.

(૭૯) (૧) આ અધિનિયમની જોગવાઈ અમલમાં મૂકવામાં કોઈ મુશ્કેલી ઊભી થાય તો યથાપ્રસંગ કેન્દ્ર સરકાર કે રાજય સરકાર, સરકારી રાજપત્રમાં જાહેરનામું આપીને મુશ્કેલી દૂર કરવા જરૂરી કે આવશ્યક હોવાનું જણાય તે મુજબ આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવો આદેશો કરવો.

પરંતુ, આ અધિનિયમ શરૂ થયાના બે વર્ષ પૂરાં થયા પછી આવો આદેશ કરાશે નહી.

(૨)    આ કલબ અન્વયે કરેલ દરેક આદેશ, તે કર્યા પછી તરત, યથાપ્રસંગ, સંસદના દરેક ગૃહ સમક્ષ કે વિધાનસભા સમક્ષ મૂકવો.

**(ટી.કે.વિશ્વનાથન)**

**ભારત સરકારના સચિવ**